# દક્ષિણ ગુજરાતમાં
# આદિવાસી સ્વાયત્તરાજનું સૂત્ર

(સમાજશાસ્ત્રીય અવલોકન)

ઈ. પ્રા. દેસાઈ

: અનુવાદક :

દીપક ચૌધરી

પ્રદેશ વિકાસ અભ્યાસ કેન્દ્ર
(સેન્ટર ફોર રીજનલ ડેવલપમેન્ટ સ્ટડીઝ)
ડંગોર મહોલ્લો, નાનપુરા, સુરત - ૧

# આભારદર્શન

દક્ષિણ ગુજરાતના ચાર જિલ્લાઓ ભરૂચ, સુરત, ડાંગ અને વલસાડમાં હાથ ધરવામાં આવેલ અન્વીક્ષણની આ સમાલોચના છે. દરેક જિલ્લાના અહેવાલ પણ જુદા જુદા તૈયાર કરવામાં આવેલ પણ તે છપાયા નથી. વખત મળે છપાશે.

આ તપાસની નાણાકીય જવાબદારી સંપૂર્ણપણે ઈન્ડિયન કાઉન્સિલ ઓફ સોશિયલ સાયન્સ રિસર્ચ, ન્યુ દિલ્હીએ અદા કરી હતી. આ સહાય બદલ હું કાઉન્સિલનો આભાર માનું છું. નિખાલસતાથી અને સ્વેચ્છાએ પોતાના વિચારો રજૂ કરવા બદલ ઉત્તરદાતાઓનો આભારી છું. તદુપરાંત અન્વેષકો કે જેમનું અગત્ય જરા પણ ઓછું નથી તેમના પ્રત્યે આભારની લાગણી વ્યકત કરું છું. ખાસ કરીને શ્રી ગજેન્દ્ર ઠાકોર અને દિનકર ભટ્ટનો.

અંતે આ અહેવાલ જોઈ-તપાસી ઉપયોગી સૂચનો કરવા માટે ડૉ.એસ. એલ. દોશી, સમાજશાસ્ત્રના રીડર અને પી. જે. પટેલ સમાજશાસ્ત્રના વ્યાખ્યાતા (દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી)નો હું આભારી છું.

ઈ. પ્રા. દેસાઈ

પ્રદેશ વિકાસ અભ્યાસ કેન્દ્ર
(સેન્ટર ફોર રીજનલ ડેવલપમેન્ટ સ્ટડીઝ)
ડંગોર મહોલ્લો, નાનપુરા સુરત -૧
સપ્ટેમ્બર ૧૯૭૦

## ૧

# આ તપાસનો ઉગમ અને અભિગમ

આદિવાસી સમાજ વિષેનું સામાન્ય રીતે માની લીધેલું ચિત્ર એવું છે કે તે એક સ્થિર, અચળ અને પ્રાથમિક સ્વરૂપનો સમાજ છે. કેટલાક પ્રગતિશીલો, સુધારકો, દૈનિકો અને સાપ્તાહિકોમાં તથા માસિકોમાં લેખ આપનાર લેખકો કેટલીક વાર એનું કાલ્પનિક ચિત્ર ઊભું કરતા હોય છે. કેટલાક નૈતિક સુધારાવાળાઓ તેની મરદાનગી, સચ્ચાઈ અને પ્રામાણિકતા ઓસરવાનાં રોદણાં રુએ છે.

પરંતુ સુરત જિલ્લાના આદિવાસીઓમાં પરિવર્તનની ચળવળનો અભ્યાસ[૧] (દેસાઈ આઈ.પી., ૧૯૬૯) કરતી વખતે આ અહેવાલના લેખકના મનમાં એક બીજું ચિત્ર આકાર પામ્યું. આદિવાસી સમાજ સ્થિર, અત્યંત સુખી, સત્યનિષ્ઠ અને ભલોભોળો સમાજ છે, એમ માનવું ભૂલભરેલું છે. આદિવાસીઓ બીજા કોઈપણ સમાજના સભ્યો જેવા જ માનવીય અને તેમના સમાજના સભ્ય છે. પરંતુ, સૌથી અગત્યની હકીકત એ છે કે, તેઓ પરિવર્તન પામી રહ્યા છે અને તેમના સમાજમાં આવી રહેલા પરિવર્તન વિષે સજાગ છે. તેઓ પરિવર્તનને પિછાને છે, મૂલવે છે અને તે પ્રમાણે વર્તે છે. આ પરિસ્થિતિવાળા કોઈપણ સમાજની વ્યક્તિ અને જૂથમાં પ્રવર્તતો સંઘર્ષ, આ આદિવાસી સમાજમાં પણ જોવા મળે છે. આદિવાસી સમાજ કંઈ જુદા પ્રકારના માનવીઓનો સમાજ દેખાયો નહિ.

તેમના જીવનનાં નક્કર પાસાંઓમાં આવી રહેલું પરિવર્તન જોતાં કોઈને પણ સમજાય એવું છે કે તેમની આસપાસના બહોળા સમાજથી જુદા કરીને તેમને જોઈ શકાય નહિ. આદિવાસી સમાજના પરિવર્તનના પ્રશ્નો અને પ્રક્રિયા બીજા કોઈપણ સમાજ જેવાં જ છે. આદિવાસી સમાજનો અભ્યાસ કોઈપણ પરિવર્તન પામતા સમાજના અભ્યાસનો જ એક વિષય છે. ફેર એટલો જ કે તેનું ભૌગોલિક વાતાવરણ જુદું છે અને સામાન્ય રીતે તેની આસપાસના સમાજ કરતાં તેનો વિકાસ ઓછો છે. તેથી આ પ્રકારના પરિવર્તનને ગુણભેદની દ્રષ્ટિએ જોવામાં ભૂલ થવાનો સંભવ છે. આદિવાસી સમાજમાં જે બની રહ્યું છે તે તેની આસપાસના સમાજમાં જે બની રહ્યું છે તેનાથી ખાસ ભિન્ન નથી. હા, તેમનામાં પરિવર્તનનો વેગ કદાચ ઓછો હશે. આદિવાસીઓ કોઈ જગ્યાએ તેમની આસપાસના સમાજની ૫૦ વર્ષ પહેલાંની સ્થિતિમાં છે તો કેટલીક જગ્યાએ ૨૫ વર્ષ પહેલાંની સ્થિતિમાં અને કેટલીક જગ્યાએ તેમની આસપાસના સમાજની સમકક્ષ સ્થિતિએ આવી ગયા છે. અને આ જ હકીકત આદિવાસી સમાજના આસપાસના બિનઆદિવાસી સમાજમાં પણ જ્યારે તેનાં વિકસિત અને આધુનિક કેન્દ્રોને તેના જ બીજા ઓછા વિકસિત ભાગો સાથે સરખાવીએ ત્યારે જોવા નથી મળતી શું?

અભ્યાસ દરમિયાન લેખકના ધ્યાન પર બીજી પણ એક વાત આવી. જેમ આદિવાસી સમાજમાં ભેદ અને ભેદભાવ પ્રવર્તે છે તેવા સામાજિક ભેદ (Social Differentiations) અને ભેદભાવો આદિવાસીઓમાં પણ ઉત્પન્ન થઈ રહ્યા છે, અને તે વધવા તરફ છે. આ ભેદભાવનો પાયો આસપાસના ગ્રામ્ય સમાજમાં પ્રવર્તે છે તે જ પ્રકારનો છે. જેવા કે, જમીન માલિકી અને તેનું કદ, શિક્ષણ અને તેનું પ્રમાણ વગેરે. સાથે

---

[૧] દેસાઈ આઈ.પી. 'વેડછી મુવમેન્ટ' એ સોશિઓલોજિકલ એસે (મેન્યુસ્ક્રિપ્ટ) સેન્ટર ફોર રીજનલ ડેવલપમેન્ટ સ્ટડીઝ, સુરત (ગાંધીઅન ઈન્સ્ટિટયૂટ ઓફ સ્ટડીઝ, વારાણસીએ તૈયાર કરાવેલ.)

સાથે રહેણીકરણીમાં, વ્યક્તિગત જરૂરિયાતો અને વર્તન, જીવનની દૃષ્ટિ અને પ્રત્યક્ષ જીવન તેમજ અભિલાષામાં મહત્ત્વના ફેરફારો થઈ રહ્યા છે. આદિવાસી સમાજના વિકસિત જૂથોમાં આસપાસના સમાજના વિકસિત જૂથોને પકડી પાડવાની, તેમની બરોબરી કરવાની અને એક હરોળમાં આવી જવાની ઈચ્છા તીવ્ર છે. આજે આદિવાસી સમાજને એક નાનકડા સમાજ તરીકે અને બાહ્ય સમાજની અસરથી વંચિત એવા સમાજ તરીકે ઓળખવો અને અમુક સમર્થનોનો અભ્યાસ કરવા માટેની પ્રયોગશાળા તરીકે ગણવો એ ભૂલભરેલું છે. હા, એક વખત આપણે તેમ માનતા હતા અને તે કદાચ સકારણ પણ હતું.

આદિવાસીઓમાં વ્યવસાયિક અને સામાજિક અભ્યાસની તપાસ વિષે વિચારણા ચાલી રહી હતી ત્યારે ગુજરાતમાં રાજકીય ક્ષેત્રે એક બનાવ બન્યો તેનાથી આદિવાસી સમાજનું બિનઆદિવાસી સમાજ સાથે એકીકરણ થાય છે એ માન્યતા ઉપર ઘા થયો. એટલે કે આદિવાસી સમાજ બિન-આદિવાસી સમાજ સાથે એક થવા લાગ્યો છે એવા સમર્થન વિષે શંકા ઊઠે અને કદાચ ખોટું પુરવાર થાય. એટલે તે બનાવનો અભ્યાસ કરવો જરૂરી બને.

ગુજરાત રાજ્ય વિધાનસભાની બજેટ બેઠકમાં પ્ર.સ.પ.*ના સભ્ય અને ડાંગના આદિવાસી વિસ્તારમાંથી આવતા રતનસિંહ ગામીતે કહ્યું હતું કે તે ડાંગી સેના ઊભી કરશે અને અલગ રાજ્યની માગણી કરશે. કારણ કે હાલનું રાજ્ય ડાંગીઓના પ્રશ્નો હલ કરી શક્યું નથી અને ત્યારબાદ આદિવાસી સ્વાયત્ત રાજની માગણી કરતી પરિષદ આહવા (ડાંગ જિલ્લો)માં મે ૧૯૬૯માં મળી અને આ રીતે દક્ષિણ ગુજરાતમાં આદિવાસી સ્વાયત્ત રાજનું સૂત્ર ચાલુ થયું. તે વખતે આદિવાસીઓના પ્રત્યઘાતો કળી શકાયા નહિ. જો કે ગુજરાતનાં વર્તમાનપત્રો કકળી ઊઠ્યાં હતાં. આદિવાસી પત્રોએ ડહાપણભરી રીતે કોઈપણ બાજુ ઝંપલાવ્યું ન હતું. એટલે કે, બીજા વર્તમાનપત્રો જેટલો એમનો વિરોધ નહોતો. બિનઆદિવાસીઓના રાજ્ય જેમ આદિવાસી રાજ્યને તેઓ અનિષ્ટ માનતા ન હતા. આ હકીકત ધ્યાનમાં લેવા જેવી છે. પરંતુ પાછળથી જરા બારીકાઈથી જોતાં જણાયું કે આદિવાસી સ્વાયત્તરાજ પ્રત્યેની સહાનુભૂતિ ખુલ્લં ખુલ્લી રીતે કરતાં ગુપ્ત રીતે વ્યાપકપણે રહેલી છે.

પ્રથમ દૃષ્ટિએ આ સૂત્ર આદિવાસી સમાજની જુદાઈની લાગણીનો નિર્દેશ અને આદિવાસી અને વિશાળ સમાજનું એકીકરણ થાય તે માન્યતાની વિરુદ્ધનું લાગે છે. પરંતુ વાસ્તવમાં આ અલગતાનો દાવો એકીકરણની વિશાળ પ્રક્રિયાનો એક ભાગ જ છે. પહેલી વાત તો એ કે બે જુદાં રાજ્યો નિર્માણ કરવાથી બે સમાજો જુદા થતા નથી. અગત્યનો તો બે સમાજો વચ્ચેના સંબંધ છે. આગળ કરેલા અભ્યાસ દરમિયાન એવું જોવા મળેલું કે આદિવાસીઓમાં એક એવી લાગણી પ્રવર્તે છે કે ઉજળિયાતો* આદિવાસીઓને આગળ આવવા દેવા માગતા નથી. જે માણસોમાં અમને આ લાગણી જોવા મળી તેમની સંખ્યા તો નજીવી છે. પરંતુ જેમની પાસે અપેક્ષા રાખી ન શકાય એવાઓમાં એ લાગણી જોવા મળી તે અગત્યનું છે. રોજબરોજના વ્યવહારમાં જેમના તરફ સમદૃષ્ટિથી જ જોવાયેલું તેવાઓમાં આ લાગણી દેખાઈ. સાથે એ પણ એટલું જ સાચું છે કે ઉજળિયાતોની સાથે તેઓ રહેતા ને ફરતા હતા તેઓ અંદરખાનેથી આદિવાસીઓ ઉપર ન આવે તો સારું એવી લાગણી ધરાવતા હોય તેમ પણ માની શકાય એમ નથી. ન માનવાનું કારણ એ છે કે એ જ આદિવાસીઓને તેમના તરફ આદરભાવ પણ છે.

હકીકતમાં તો આ બિનઆદિવાસીઓ આદિવાસીઓનું ભલું કરવા માટે સ્વૈચ્છિક સંસ્થાઓના આજીવન કાર્યકરો હતા. અને છતાં વસ્તુસ્થિતિ એ છે કે આ પ્રકારની લાગણી આદિવાસીઓમાં છે. આથી આ પ્રકારના ઉદાહરણો અડધો ડઝન જ હોવા છતાં પણ લક્ષમાં લેવા જેવાં જ છે અને આદિવાસીની આ લાગણીની ઉપેક્ષા કરવા જેવી નથી.

બીજું, આદિવાસીઓમાં જ જે સામાજિક ભેદો એ ભેદભાવો આવી રહ્યા છે તે આદિવાસી સમાજમાં વૈવિધ્ય અને નવી એકતા લાવે છે. એટલે કે જૂનો આદિવાસી સમાજ તૂટે છે અને તેમાંથી જે નવું થાય છે

---

* પ્ર.સ.પ. પ્રજા સમાજવાદી પક્ષ.

* ઉજળિયાત એટલે કે તેમાં સામાન્ય રીતે વાણિયા, બ્રાહ્મણ, અનાવિલ, કણબી, રજપૂત જેવી જ્ઞાતિઓનો સમાવેશ થાય છે.

તે આદિવાસી નથી. તે વીનતાનો ગુણ બાહ્ય સમાજની સાથે એકતા સાધવાના પ્રયાસના પ્રકારનો છે. તેમ છતાં આદિવાસીઓને બિનઆદિવાસીઓથી જુદા પાડતી સભાનતા વિશાળ ઐક્યને માટે વિઘ્નરૂપ છે તે પણ સાચું છે. તે આદિવાસીઓમાં અમુક પ્રકારનું ઐક્ય લાવતી હશે, પરંતુ વિશાળ સમાજ સાથેની તેમની એકતા માટે સમસ્યાઓ ઉપસ્થિત કરે છે. આમ સમાજવિજ્ઞાનની દૃષ્ટિએ આદિવાસી સ્વાયત્તરાજનું સૂત્ર અભ્યાસ કરવા જેવું છે તે નક્કી.

અત્રે અલગ સૌરાષ્ટ્ર રાજ્યની માંગનો અને સૌરાષ્ટ્રને અન્યાય થયાની ફરિયાદનો ઉલ્લેખ કરી શકાય. એ માંગ કરનારા મગનલાલ, છગનલાલ, ચીમનભાઈ, ચંદુભાઈ એવા ઉચ્ચવર્ગના પ્રગતિશીલ ભણેલાગણેલા, મોટરમાં ફરનારા, બંગલામાં રહેનારા આધુનિક સજ્જનો જ છે. પણ એમની માંગ આદિવાસીઓ જેવી જ છે. તેમનો તુલનાત્મક અભ્યાસ ઘણો જ્ઞાનપ્રદ થશે. આમ 'અલગતાવાદ' એ માત્ર આદિવાસીઓનો જ વાદ નથી.

આ આદિવાસી રાજ્યની માંગણી સાચી છે કે ખોટી, ઈચ્છનીય છે કે અનિચ્છનીય છે તે પ્રશ્નો અલગ છે અને પૂછવા જેવા પણ નથી. જે ઉકેલ માગે છે તે પ્રશ્ન આ છેઃ

એક તરફ વિકાસ એવી રીતે થઈ રહ્યો છે કે આદિવાસી સમાજ પરિવર્તન પામી રહ્યો છે અને તે આદિવાસી મટી વિશાળ સમાજમાં ભળવા તરફ જઈ રહ્યો છે. ત્યારે બીજી તરફ રાજકીય રીતે એને જુદો પાડવાનો પ્રયત્ન થાય છે. એમ કેમ? આ પ્રશ્ન પૂછવા જેવો એટલે કે એનો જવાબ ચકાસી શકાય એવી રીતે મેળવી શકાય. અને કહી શકાય કે આદિવાસી સ્વાયત્તરાજનો પ્રયત્ન અવળો છે કે સવળો. હવે, આ પ્રમાણે જવાબ મેળવવા માટે પ્રશ્ન નીચે મુજબ માંડી શકાયઃ

આ માગ બળવાન બનવા માટે આટલી વસ્તુ બરાબર ગણાયઃ

૧ સમાજમાં એવો સ્પષ્ટ વિભાગ હોવો જોઈએ કે જેમનામાં આ માંગ આવકાર પામે અને તેમાં એનાં મૂળ નખાય. આ માંગ તેમને માટે હિતકર અથવા ફાયદાકારક હોવી જોઈએ. એથી ઊલટું જે જૂથોનાં હિત જોખમાય તે તેનો વિરોધ કરે.

૨ સંબંધિત હિતવિભાગો જો સામાજિક માળખામાં મોખાને સ્થળે હોય તો ચળવળ જોર પકડે અથવા નબળી પડે.

૩ 'અમે' અને 'તેઓ'ના અર્થમાં તમામ વસ્તુ સમજાઈ શકે તે પ્રકારનું માનસ હોવું જોઈએ.

૪ આ પ્રકારના માનસનો ઉપયોગ કરવા પક્ષ કે તંત્ર હોવું જોઈએ.

આમ આ અન્વેષણમાં બે ધ્યાન કેન્દ્રો લીધાં. (૧) ઉપર દર્શાવેલી બાબતો (૨) આદિવાસી રાજ્યની માંગ. આ બંને બાબતો માટે સામગ્રી ભેગી કરવી જોઈએ તે નીચે મુજબ કરી. આ પ્રકારની માંગ આપણે જાહેર થયેલાં વિધાનો પરથી જાણી શકીએ. અને એની પરિસ્થિતિની માહિતી વસ્તીગણતરીના આંકડાઓ પરથી અને દક્ષિણ ગુજરાતના સો ઉપરાંત માણસોની વ્યક્તિગત મુલાકાતો દ્વારા પ્રાપ્ત કરી. આદિવાસી વિસ્તારમાં કામ કરતા રાજકીય અને સામાજિક કાર્યકરો, જિલ્લા અને તાલુકા પંચાયતના ઉપરીઓ અને પંચાયત વિકાસ વિભાગના કેટલાક મહત્ત્વના અધિકારીઓ, ધારાસભાના સભ્યો, આદિવાસી સ્નાતકો અને મિશનરીઓની મુલાકાત લીધી હતી. મુલાકાતમાં મુક્ત ચર્ચાઓ કરવામાં આવતી જેમાં નીચેના મુદ્દાઓ ધ્યાનમાં રાખવામાં આવતા.

આદિવાસી સ્વાયત્તરાજ્યની માંગનો કેવી રીતે ઉદય થયો? આ પ્રકારની માંગ ઊંડાણના ગામડાંઓ સુધી પહોંચી છે? એનું ફલક કેટલું? એનું ભાવી શું? એને ટેકો આપનાર અને પ્રચાર કરનાર કોણ? આદિવાસીઓમાં જમીન ધરાવતા લોકોના પ્રશ્નો ક્યા છે? તેમની જમીનનું ક્ષેત્રફળ કેટલું? વધારે જમીન ધરાવનારાઓનું પ્રમાણ કેટલું? આદિવાસી સમાજમાં તેઓ કઈ કઈ જવાબદારીઓ ઉઠાવે છે? આદિવાસી અને બિનઆદિવાસીઓ વચ્ચેના સંબંધો ભૂતકાળમાં કેવા હતા અને હાલમાં કેવા છે? ભણેલા આદિવાસીઓનું આ માંગ તરફ કેવું વલણ છે? તેમનું પોતાના સમાજ તરફ વલણ કેવું છે? અને તેમના સમાજનું તેમના તરફ વલણ કેવું છે?

આ સમાલોચનાનો વિભાગ – ૨ દક્ષિણ ગુજરાતનો પ્રાદેશિક પરિચય કરાવે છે. અને વિભાગ – ૩ આદિવાસી સ્વાયત્ત રાજ્યના સૂત્ર સંબંધે છે. દક્ષિણ ગુજરાતના દરેક જિલ્લાઓમાં કરેલી તપાસને આધારે આ સૂત્રના વિવિધ પાસાંઓની એમાં સમગ્ર ચર્ચા કરવામાં આવી છે. સુરત, ભરૂચ, વલસાડ અને ડાંગ એ ચારેય જિલ્લાઓના અલગ અલગ અહેવાલો પણ છે. આ સમાલોચના તે સામગ્રી ઉપરથી જ તૈયાર કરી છે.

# ૨

# દક્ષિણ ગુજરાત પ્રદેશ

સુરત, ભરૂચ અને વલસાડ એ ત્રણેય જિલ્લાઓના આખા દક્ષિણ ગુજરાતના વિસ્તારને ત્રણ ભૌગોલિક પટ્ટાઓમાં વિભાગી શકાય. પશ્ચિમ અથવા કિનારાનો પટ્ટો (કાંઠાપ્રદેશ), મધ્ય અથવા મેદાનપટ અને પૂર્વનો અથવા વનપ્રદેશ. પૂર્વનો પટ્ટો મહારાષ્ટ્ર અને મધ્ય પ્રદેશથી સહ્યાદ્રી અને સાતપુડા પર્વતોની હારમાળાઓથી છૂટો પડે છે. પૂર્વથી પશ્ચિમ તરફ વહીને સમુદ્રને મળતી બધી જ નદીઓનાં મૂળ આ હારમાળાઓમાં આવેલાં છે.

મુંબઈ અને દિલ્હીને જોડતી પશ્ચિમ રેલવે લાઈન વચ્ચેના મેદાન પ્રદેશમાંથી પસાર થાય છે. મોટી ટાપ્ટીવેલી રેલવે લાઈન સુરતથી પૂર્વના વનપ્રદેશમાંથી પસાર થઈ ભુસાવળને જઈ મળે છે. તે સુરતને મધ્ય રેલવે સાથે જોડે છે જે પૂર્વમાં કલકત્તા અને ઉત્તરમાં દિલ્હી અને આગળ સુધી જાય છે. આ પ્રદેશમાં બીજી ત્રણ નાની લાઈનો છે જે મધ્યપટ અને વનપ્રદેશને જોડે છે. એક લાઈન વલસાડ જિલ્લાના મુખ્ય લાઈન પર આવેલ બિલ્લીમોરા સ્ટેશનથી નીકળી ડાંગના જંગલોમાં વઘઈ સુધી જાય છે. બીજી લાઈન સુરત જિલ્લાના કોસંબાથી નીકળી વનપ્રદેશમાં ઉમરપાડા જાય છે. અને ત્રીજી લાઈન ભરૂચ જિલ્લામાં અંકલેશ્વરથી રાજપીપળા (જે વનપ્રદેશમાં આવેલું છે) જાય છે. હાલમાં મોટર જઈ શકે એવા રસ્તા પણ આ વનપ્રદેશમાં બંધાયા છે.

આ પ્રદેશના છેક દક્ષિણ છેડે રેલવે લાઈન અને સાગરતટ વચ્ચેનું અંતર અત્યંત ટૂંકુ છે. સુરત જિલ્લામાં સાગરકાંઠા અને રેલવે લાઈન વચ્ચેનું અંતર વધુમાં વધુ ૨૦ માઈલ હશે. પરંતુ દક્ષિણ ગુજરાતના દક્ષિણ છેડાથી જેમ જેમ ઉત્તર છેડે ભરૂચ જિલ્લા તરફ જતા જઈએ તેમ તેમ આ અંતર વધતું જાય છે. ભરૂચથી બે નાની લાઈનો કાંઠાને જોડે છે જે ભરૂચ જિલ્લાના પશ્ચિમ ભાગમાં સાગરકાંઠે એક કાવી અને બીજી દહેજ સુધી જાય છે.

જ્યારે જ્યારે દક્ષિણ ગુજરાત અથવા સુરત જિલ્લાનો વિચાર કરીએ ત્યારે મધ્યપટ્ટાનો વિચાર કરવામાં આવે છે. કૃષિક્ષેત્રે અને ઔદ્યોગિક ક્ષેત્રે વિકસિત પટ્ટો છે અને તે પણ ખાસ કરીને દિલ્હી-મુંબઈ મુખ્ય રેલવે લાઈનની પૂર્વ બાજુનો. જ્ઞાતીય સંયોજન (caste composition) શૈક્ષણિક સ્તર, વ્યવસાય અને વ્યાવસાયિક તફાવતો, રીતરિવાજ, રીતભાત, માન્યતાઓ અને મૂલ્યોની દૃષ્ટિએ મધ્યપટના લોકોને બીજા કાંઠાપટ અને વનપ્રદેશના લોકોથી જુદા પાડી શકાય. બીજા બે પ્રદેશો કરતાં આ પ્રદેશના લોકોમાં પરિવર્તનની શરૂઆત વહેલી થઈ હતી.

જો કે, કાંઠાના લોકો સાગરખેડૂ હોવાને લીધે બહારી દુનિયાની અસર નીચે એક યા બીજી રીતે આવ્યા છે. તેઓ પશ્ચિમ કાંઠાના ઉત્તરે સૌરાષ્ટ્ર, કચ્છથી દક્ષિણે ઠેઠ કેરાલા સુધીના ઘણાખરા ભાગોની સફરે જાય છે. તેમાંના સંખ્યાબંધ લોકો સ્ટીમરમાં ખલાસી અને ખારવા તરીકે રહી દરિયાપારના દેશોની પણ મુલાકાત લે છે. હિન્દુસ્તાનના કોઈ પણ ભાગમાં તેઓ કારીગર તરીકે કામ કરવા માટે જાય છે. પછી તે વીજળિક શક્તિને લગતું કામ હોય, બંધ કે પૂલના બાંધકામ કે ભીલાઈ, રુરકેલા, દુર્ગાપુર જેવા સ્ટીલ પ્લાન્ટનું કામ. આવાં કોઈ પણ પ્રકારનાં કામ કરવા તેઓ બહાર જાય છે. આ કાંઠાના લોકો મધ્યપટનાં મેદાનોમાં વસતા લોકો સાથે સરળતાથી અને ઝડપથી એકીકરણ સાધી રહ્યા છે. આ બે પટ્ટાઓમાં વસતા લોકો સુરત અને વલસાડ જિલ્લાની ૫૦ ટકા વસ્તી ધરાવે છે. આ બંને જિલ્લાઓમાં દરેકની બાકીની ૫૦ ટકા વસ્તી વનપ્રદેશમાં રહે છે.

આ વન્યપટમાં વસતા લોકો આદિવાસી કે આદિમજાતિઓ તરીકે ઓળખાય છે. તેમના બધામાં એક સર્વસામાન્ય વસ્તુ એ છે કે તેઓ બધા જ જંગલ વિસ્તારમાં રહે છે. પરંતુ તેમનામાં અંતર્લગ્ન જૂથો જેવી જ જુદી જુદી જ્ઞાતિઓ છે. તેમનાં જીવન અને આજીવિકાનાં સાધનો અને સાધ્યોમાં પણ તફાવત છે. તેમાંના કેટલાક જમીન માલિકો અને જમીન ખેડહક ધરાવનારા હતા. કેટલાક ગણોતિયા અથવા હિસ્સેદારો હતા વગેરે. કેટલાક બીજાઓ કરતાં કંઈક સમૃદ્ધ હતા. પરંતુ અજ્ઞાનતા, દુર્બળતા, ગરીબી અને મહદ્અંશે બહારની દુનિયાના સંબંધથી વંચિત, એ તેમનાં સામાન્ય તત્ત્વો છે. આમ ભૌગોલિક વાતાવરણની રીતે તેમનું સામાજિક માળખું, બોલીઓ, જીવનની શૈલીઓ, રીતરિવાજો, રીતભાત, માન્યતાઓ અને મૂલ્યોની દૃટિએ તેઓ પ્રદેશના અન્ય લોકોથી ઘણા જ જુદા છે. બ્રિટીશ કાળ દરમિયાન બહારના લોકો સાથેનો તેમનો સંપર્ક અત્યંત મર્યાદિત અને નિયંત્રિત હતો. બહારના માણસો તરીકે તો તેમણે માત્ર  સિપાઈ, જંગલ ખાતાના અધિકારીઓ, જંગલ કોન્ટ્રાક્ટરો, દારૂના પીઠાના માલિકો, શાહુકારો અને મોટા જમીનદારોને જ જોયા હતા. એ રીતે જોઈએ તો ડાંગ સાવ અલગ પડી ગયેલું હતું.

આ ત્રણે જિલ્લા અને ડાંગ જિલ્લો પૂર્વ સરહદે પાડોશી  મહારાટ્ર રાજ્યના આદિવાસી વિસ્તારોની લગોલગ આવેલો છે. ડાંગ, વલસાડ, સુરત અને ભરૂચ જિલ્લાઓ પૂર્વ સરહદે  મહારાટ્રના અનુક્રમે થાણા, નાસિક અને ખાનદેશ જિલ્લાઓની સરહદો લાગેલી છે. દક્ષિણ ગુજરાતનો પૂર્વનો આદિવાસી વિસ્તાર વડોદરા જિલ્લાના પૂર્વના આદિવાસી વિસ્તાર સાથે અને તે પૂર્વીય પ્રદેશ મધ્યપ્રદેશને એડેલો છે. વડોદરા જિલ્લાનો આદિવાસી વિસ્તાર ઉત્તરે પંચમહાલ સાથે જોડાયેલો છે. અને પંચમહાલ જિલ્લો મધ્યપ્રદેશ અને રાજસ્થાન સાથે જોડાયેલો છે. વળી, પંચમહાલની ઉત્તરે અને ઉત્તરપશ્ચિમે બનાસકાંઠા જિલ્લો છે. જે ઉત્તરે રાજસ્થાનને અડે છે અને પશ્ચિમે સાબરકાંઠાને સ્પર્શે છે. બનાસકાંઠામાં આદિવાસીઓની વસ્તી ઝાઝી નથી. પરંતુ સાબરકાંઠામાં ભીલોની ઘણીમોટી વસ્તી છે અને તેનો ઉત્તરનો ભાગ રાજસ્થાનના ભીલ વિસ્તારને સ્પર્શે છે. આમ, દક્ષિણ ગુજરાતના પૂર્વભાગથી માંડી વડોદરા અને પંચમહાલ જિલ્લાઓ તથા સાબરકાંઠાના ઉત્તર ભાગ સુધી ફેલાયેલો એક સળંગ આદિવાસી પટ્ટો જ છે. વળી આ વિસ્તારને અડીને આવેલા મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાનના પ્રદેશના તેમના પડોશીઓ પણ આદિવાસીઓ જ છે. આમ ગુજરાત રાજ્યમાં ૩૦ લાખ આદિવાસીઓની વસ્તી ધરાવતો સળંગ આદિવાસી વિસ્તાર છે. જો ફક્ત એક સળંગ વિસ્તાર હોવાને લીધે જ અલગ રાજ્ય બનાવવામાં આવે તો તેમાં ગુજરાતનો આ વિસ્તાર આવી શકે તેમ છે. અથવા તો તેઓ પાડોશના મહારાટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાનના આદિવાસીઓ સાથે ભળી જાય તો આદિવાસી વસ્તીના પાયા પર રચાયેલું આ રાજ્ય સંઘનું એક વિશાળ રાજ્ય બની શકે.

આમ ત્યાં ભૌગોલિક ઐક્ય છે. પરંતુ આનુવંશિક જૂથ, બોલી, આર્થિક અને સાંસ્કૃતિક વિકાસ વગેરેમાં કોઈ એકરૂપતા નથી. ગુજરાતની આદિવાસી વસ્તીમાં સૌથી વધુ વસ્તી ધરાવનાર એક માત્ર ભીલ જ્ઞાતિ ૪૦ ટકાનું પ્રમાણ ધરાવે છે. તેમની પોતાની બોલી છે અને સાબરકાંઠા, પંચમહાલ, વડોદરા અને દક્ષિણ ગુજરાતના ભરૂચ જિલ્લામાં તેમની બહુમતી છે. ભરૂચ જિલ્લાના વસાવા ભીલોની પોતાની બોલી પણ છે. તેમનામાં ખાસ કરીને પંચમહાલ જિલ્લાના ભીલોનું જૂથ આર્થિક, શૈક્ષણિક તેમજ સામાજિક રીતે વધારે વિકસિત છે. ભીલ વિસ્તારોમાં બીજા પણ આદિવાસી જૂથો છે. પરંતુ, તેમનું સંખ્યાબળ ઓછું છે. આમ આદિવાસીપટનો ઉત્તર અને પશ્ચિમપટ્ટો મહદ્અંશે ભીલપટ્ટો છે.

ભરૂચ જિલલામાં વસાવા ભીલોનું જૂથ સૌથી મોટું છે. નાંદોદ તાલુકામાં તડવીઓ છે, પછી વાલીઆ તાલુકામાં વસાવાઓની સાથે ચૌધરીઓ છે. હળપતિઓ ઝગડિયા સિવાય મોટેભાગે જ્યાં જંગલો નથી એવા વિસ્તારોમાં રહે છે.

સુરત જિલ્લામાં ચૌધરીઓનું સૌથી મોટું એક જૂથ છે. બીજા ઢોડિયા, ગામીત અને ભીલના જૂથો છે. કોટવાળિયા અને બીજાં પણ નાનાં જૂથો છે તે દરેકને પોતપોતાની બોલી છે.

વલસાડ જિલ્લામાં ઢોડિયાઓનું જૂથ સૌથી મોટું છે. બીજા જૂથોમાં નાયકા, કોંકણા, વારલી અને કાથોડી છે. ડાંગમાં કોંકણા અથવા કુનબીઓ બહુમતી ધરાવે છે. અને ગામીત તથા ભીલ વસ્તીની સંખ્યા ઓછી છે.

દરેક જિલ્લામાં દરેક જૂથ અંતર્લગ્ની છે. તેમની પોતાની આગવી બોલી, વ્યવસાય અને સંલગ્ન વિસ્તાર છે. આ વિસ્તારમાં હકીકતે તો પ્રત્યેક જૂથ એક જ્ઞાતિ જેવું છે. આમ દક્ષિણ ગુજરાતમાં આદિવાસીઓની બોલીની રીતે, સામાજિક અને સાંસ્કૃતિ રીતે વિવિધ જાતિઓ છે. દરેક જૂથનો ઈતિહાસ જુદો છે અને છેલ્લાં વીસ વર્ષ દરમિયાન થયેલ વિકાસનો દર પણ જુદો જુદો છે. કેટલીક બાબતોમાં વિકાસની દિશાઓ પણ અલગ અલગ છે.

આમાંના દરેક જૂથને પોતાની જૂથ-સભાનતા છે. આદિવાસી સભાનતા એ રાજકીય સભાનતા છે અને તે વહીવટી ઉપાયોથી  નિર્માયેલ અને અનુમોદિત છે. આદિવાસી સામાજિક સભાનતા, આદિવાસીઓનું 'અમારાપણું' બિનઆદિવાસીઓ સાથેના સંપર્ક અને તેમની ધાર્મિક સભાનતામાંથી પણ જન્મે. આ જિલ્લાઓ વચ્ચે અને જિલ્લામાં થયેલ આ વૈવિધ્યપૂર્ણ વિકાસ સમજવા માટે દરેક જિલ્લાને નિરીક્ષણ અને તપાસ માટે જુદા જુદા એકમ તરીકે લેવામાં આવેલા અને દરેક જિલ્લા માટે તેનાં વિશેલેષણના અહેવલો જુદા જુદા તૈયાક કરવામાં આવેલા.

બધા જ જિલ્લાઓમાંથી તારવવામાં આવેલાં પ્રમાણો અને વિશ્લેષણોની સમાલોચના વિભાગ – ૩માં પ્રસ્તુત છે.

## 3

# આદિવાસી રાજ્યનું સૂત્ર

આદિવાસી સ્વાયત્તરાજ્યનાં સૂત્રના જુદા જુદા હિમાયતીઓ તેની જુદી જુદી સમજ ધરાવે છે. આ સૂત્ર ઉપસ્થિત કરનાર મુખ્યત્વે ત્રણ હિમાયતી જૂથો છે. એક તો ભારતીય સામ્યવાદી પક્ષ (માર્ક્સવાદી) બીજું વ્યારાનું જૂથ ઉર્ફે આદિમજાતિ રાષ્ટ્રીય મહાસભા અને ત્રીજું સ્વતંત્રપક્ષના ધારાસભ્યોનું જૂથ.

પ્રભાવક્ષેત્રની દૃષ્ટિએ આ ત્રણે હજી સ્થાનિક જ છે. સામ્યવાદી (માર્ક્સવાદી) અને સ્વતંત્ર પક્ષના આદિવાસી રાજ્યસૂત્ર અંગેની સમજ તેમની રાજકીય વિચારસરણીને આધારે સમજાવવામાં આવે છે. રાજકીય રીતે વ્યારા જૂથ સ્વતંત્રપક્ષ અને અવિભક્ત કોંગ્રેસની વધુ નજીક છે. હવે આ ત્રણે જૂથોના આદિવાસી સ્વાયત્ત રાજ્ય અંગે કેવા ખ્યાલો છે તે તપાસીએ.

**આ સૂત્ર અંગે સામ્યવાદીઓની સમજ**

સામ્યવાદી (માર્ક્સીસ્ટ) અને હિંદી સામ્યવાદી પક્ષનો તર્ક નિગમનાત્મક (Deductive) છે. તે સમગ્ર સમાજવ્યવસ્થા અને સમષ્ટિવાદી માન્યતાઓ ઉપર આધારિત છે. લઘુમતીઓનો સ્વનિર્ણયનો અધિકાર એ તેમનો સિદ્ધાંત છે. એ સિદ્ધાંત પ્રમાણેની નીતિ રશિયા અને ચીનમાં પછાત જૂથોને આગળ લાવવા માટે સફળ થઈ છે એમ તેમનું કહેવું છે. આમ આદિવાસી રાજ્યના વિચારને ટેકો આ સિદ્ધાંતના સાચી-ખોટી રીતે લાગુ પાડે છે. તેને આભારી છે.

મૂળભૂત રીતે તેમના સિદ્ધાંત મુજબ સવાલ ઉત્પાદનનાં સાધનોની ખાનગી માલિકીનો અને તેમાં પણ ખાસ કરીને જમીનની માલિકી-સર્જિત શોષણનો છે.

જ્યાં સુધી જમીનની માલિકી સમાજની ન બને ત્યાં સુધી શોષણનો અંત આવે તેમ નથી. હવે, જ્યાં સુધી શોષણને લાગે વળગે છે ત્યાં સુધી તે આદિવાસીઓનું જ થાય છે તે નથી. એ સર્વસામાન્ય છે. તેથી જો આદિવાસીઓનું શોષણ થતું હોય તો તે એક વર્ણજૂથ છે તેથી નહિ પણ તેઓ અમુક સમાજ વ્યવસ્થાના સભ્યો છે તેથી થાય છે. અને તે વ્યવસ્થા સમગ્ર ભારતમાં છે અને છેવટે ભારત વિશ્વવ્યવસ્થાનો એક ભાગ છે. જ્યાં સુધી તે સમાજ વ્યવસ્થા ન બદલાય ત્યાં સુધી આદિવાસીઓની શોષણની સમસ્યા ઉકલશે જ નહિ.

વળી, વિશ્વના જુદા જુદા વિભાગો અથવા જુદા જુદા દેશો અને દેશમાંના વિવિધ જૂથોનો વિકાસ સમાન નથી. અને તેથી આવા અલ્પવિકસિત ભાગો અથવા વિસ્તારો કે જૂથોના કિસ્સાઓમાં અખત્યાર કરવામાં આવતી તરકીબો અને વ્યૂહ તેમના વ્યકિતગત વિકાસને યોગ્ય હોવાં જોઈએ. જેમ કે, નૃવંશીય (ethnic) કે ધાર્મિક સમૂહોનો વિકાસ તેમની પોતાની ઉપર જ છોડવો જોઈએ.

આમ સ્વનિર્ણયનો સિદ્ધાંત તેમને સ્વાયત્ત પ્રદેશ અથવા અલગ રાજ્ય માગવાને પ્રેરે છે. આદિવાસીઓ ગ્રામ્ય વિસ્તારમાં વસતા એક નૃવંશીય જાત (ethnic stock)ના લોકો છે એ તથ્ય ઉપર તેમને માટે અપનાવાતી યુક્તિઓ અને વ્યૂહ આધારિત છે. તેમની દૃષ્ટિની વ્યવસ્થામાં આદિવાસીઓ આ રીતે બંધ બેસતા થાય. પરંતુ, આદિવાસી સભાનતાને સ્વીકારવાને બદલે તે લોકો આ સૂત્રને ટેકો આપે છે, કારણ કે તેઓ માને છે કે આદિવાસી સભાનતા છેવટે તો શ્રમજીવી-વર્ગ-સભાનતામાં ભળી જશે. પરંતુ આદિવાસીઓમાં જમીનવિહોણા મજૂરો, નાના અને મધ્યમ ખેડૂતો આ બધા જ છે. અને એમાં જ એક મુશ્કેલી રહેલી છે. જો શ્રયિક-વર્ગસભાનતા પ્રબળ બને છે તો આદિવાસી સભાનતા નબળી પડે છે અને જો આદિવાસી સભાનતા પ્રબળ બને છે તો વર્ગ સભાનતા નબળી પડે છે. આ બંને કદી એકસાથે સંભવિત

નથી. એક નાનકડી ભૂલમાંથી પણ સાચા સામ્યવાદી ઈચ્છતો હોય તે ક્રાંતિને બદલે પ્રત્યાઘાતી બળો પણ કદાચ વિકાસ પામે.

આ કંઈ ફક્ત સૈદ્ધાંતિક શક્યતા જ નથી. હકીકતમાં ભારતમાં મુસ્લિમો અને અનુસૂચિત જ્ઞાતિઓ બંને માટેની સામ્યવાદીઓની ચાલ નિષ્ફળ નીવડી છે. સામ્યવાદીઓએ એક કિસ્સામાં મુસ્લિમ રાષ્ટ્રની વાત કરીને પ્રશ્નો હલ કરવાને બદલે જુદું રાજ્ય ઊભું કર્યું અને બીજામાં ધર્માંતર થયું. પ્રશ્નો તો તેમના તેમ જ રહ્યા. તેઓ આદિવાસીઓ કે મુસ્લિમોને સામ્યવાદના અનુયાયી બનાવી શક્યા નહિ. તેઓ વર્ગસભાન બન્યા નહિ. મુસ્લિમો અને અનુસૂચિ જાતિઓ હતા તેમના તેમ જ રહ્યા.

ભરૂચ જિલ્લાની પરિસ્થિતિની ચર્ચા કરતી વખતે આદિવાસીઓને લગતા કાર્યક્રમમાં રહેલી આ વાસ્તવિક ભીતિનો ખ્યાલ આવ્યો. અલગ આદિવાસી રાજ્યની માંગણી માટે લડત ઉપાડવા જે 'લોકસભા'ની સ્થાપના કરી તેનું બંધારણ અને તે વખતની ચર્ચા આ ભય અસ્થાને નથી તેનો સચોટ પુરાવો છે. હશે, પણ સામ્યવાદીઓની સમજ કંઈક આવા પ્રકારની છે એ નક્કી.

### સ્વતંત્ર પક્ષની દૃષ્ટિએ

સ્વતંત્ર પક્ષના ચાર આદિવાસી ધારાસભ્યોએ ૧૫ જૂન ૧૯૭૦ને દિવસે જાહેર કર્યું કે તેઓ રાષ્ટ્રપતિને આવેદનપત્ર પાઠવશે. તેમણે જે વિધાનો કરેલાં તે ગુજરાતી દૈનિકમાં ('ગુજરાતમિત્ર' ૧૬ જૂન, ૧૯૭૦) પ્રસિદ્ધ થયેલાં. છાપાઓમાં જે બહાર પાડવામાં આવેલું તે મોટેભાગે તેમણે જે જણાવેલું તે સીધેસીધું ન હતું પણ તેનો સારાંશ હતો.

'ખેડબ્રહ્મા, ઝાલોદ, નવસાડી, છોટા ઉદેપુર, ઉમરગામ, વાંસદા, વ્યારા, ડાંગ, ધરમપુર, ઝઘડિયા, ડેડીઆપાડા અને માંગરોળ તાલુકાના બાંકમ (વાંકલ) અને નોસલ (નાનછલ) વિભાગોને રાષ્ટ્રપતિશ્રીએ તેમના ૧૯૫૦ના હુકમથી શિડયુલ વિસ્તારો (અ વર્ગના રાજ્યો) જાહેર કર્યા છે.'

'રાષ્ટ્રપતિશ્રીને આ વિસ્તારના આદિવાસી અને બિનઆદિવાસી ધારા સભ્યોની અનુક્રમે ૨/૩ અને ૧/૩ સંખ્યાવાળી ૨૦ સભ્યોની આદિવાસી સલાહકાર કાઉન્સિલ બનાવી રાજ્યપાલશ્રી મારફત વહીવટ કરવાનો અધિકાર છે. એટલું જ નહિ પણ સંસદ કે વિધાનસભા સિવાય રાજ્યપાલશ્રીને કાઉન્સિલની સલાહ લઈ કાયદા બનાવવા તેમ જ કેન્દ્રને રાજ્યના ચાલુ કાયદાઓમાં આ વિસ્તાર પૂરતા સુધારાવધારા કરવાનો હક્ક છે.'

'ગુજરાત સરકારે પોતાના ટેકેદારોને મદદ કરવા આ વિસ્તારની ખનિજ, જંગલ અને નૈસર્ગિક સંપત્તિનો ઉપયોગ કરવા દેવા માંડ્યો છે અને તેનો વિરોધ કરનાર બળોના વાણીસ્વાતંત્ર્યને પણ છીનવી લેવાના પ્રયત્નો કર્યા છે. ખોટા કેસો અને ધાકધમકીથી અમારી રાજકીય આઝાદીને ચગદી નાખવાના કિસ્સાઓ બન્યા છે. તેનાં પરિણામ સ્વરૂપે રાજ્યના વિવિધ વિસ્તારના લોકોની ભાવનાત્મક એકતા તૂટી ગઈ છે.'

અમે અમારી સ્વતંત્રતા, સામાજિક ન્યાય અને આર્થિક વિકાસના હિતમાં બંધારણના પાંચમાં પરિશિષ્ટ મુજબ પગલાં ભરવા માટે માનનીય રાષ્ટ્રપતિજીને એક આવેદનપત્ર આપવાનો નિર્ણય કર્યો છે. 'અહીં નોંધવા જેવો મહત્ત્વનો મુદ્દો એ છે કે જે લોકો આ રીતનું પગલું ભરવાના હિમાયતી છે તે સ્વતંત્ર પક્ષના સભ્યો છે કે જેમણે ૧૯મી સદીના ઉદારમતવાદી સિદ્ધાંતો સ્વીકારે છે. આ ચાર સભ્યો આ સિદ્ધાંતો સમજે છે કે નહિ તે અગત્યનું નથી. તેમણે પણ સામ્યવાદી (માર્કસીસ્ટ) પક્ષની જેમ બંધારણીય માર્ગ અપનાવ્યો. જોકે તેમણે બંધારણની જુદી જુદી કલમોનો ઉપયોગ કર્યો છે. આ કલમ પ્રમાણે તેઓ બિનઆદિવાસીઓને સામેલ કરવાનું નિશ્ચિત બનાવે છે. વળી તેમણે કોઈ ચળવળની ધમકી આપી નથી. તેમણે કુલ આદિવાસી તાલુકાઓમાંથી થોડાક જ છે, બધા નહિ જણાવ્યા. વિધાનસભામાં જ્યારે ગુજરાત સરકાર સામે અવિશ્વાસની દરખાસ્તની ચર્ચા ચાલતી હતી ત્યારે આ નિવેદન પ્રગટ કરવામાં આવેલું. આવેદનપત્ર પાઠવવામાં આવેલું કે નહિ તે વિદિત નથી. પરંતુ આદિવાસી રાજ્યની આ બીજી સમજૂતી છે. હકીકતમાં તેમણે અલગ રાજ્ય કે સ્વાયત્તરાજ્યની માગણીનું સમર્થન કર્યું જ નથી. એમનું તહોમતનામું

સરકાર સામે હતું; નહિ કે સીધેસીધું બિનઆદિવાસીઓ સામે. આ પણ સામ્યવાદી (માર્કસીસ્ટ) ના જેવી જ રાજકીય ચાલ હતી પણ તે જુદા જ સિદ્ધાંત ઉપર આધારિત હતી.'

**વ્યારા જૂથ**

ત્રીજા પ્રકારની સમજ એ વ્યારા જૂથની છે. જ્યાં સુધી તેમના વિધિસરના ઠરાવો અથવા તો આદિમજાતિ રાષ્ટ્રીય મહાસભાના બંધારણને લાગેવળગે છે ત્યાં સુધી આદિવાસી રાજ્યનો ઉલ્લેખ નથી. આ જૂથના અગ્રગણ્ય નેતાઓમાંના એક જણે મુલાકાત દરમિયાન જણાવ્યું કે તે ભારતમાં રાજ્યનોની સંખ્યા વધારવામાં માનતા નથી. પરંતુ જો માંગણી સંતોષવામાં ન આવે તો છેવટના ઉપાય તરીકે આદિવાસી રાજ્યની માંગણી કરશે. પરંતુ તે રાજ્ય ગુજરાતથી અલગ સંઘનું રાજ્ય હશે. તેઓ પાડોશી રાજ્યોના આદિવાસીઓ વિષે પણ વિચારે છે.

સુરત જિલ્લા વિષેના અહેવાલમાં કરેલ ચર્ચા મુજબ આ જૂથ આદિવાસીઓની શીય ઓળખનો વિચાર કરે છે અને તે જ તેમની હિલચાલનો પાયો છે. ભૂતકાળમાં આદિવાસીઓનું થયેલું શોષણ અને આજના પછાતપણા માટે હિંદુ ફિલસૂફી અને સામાજિક માળખું જવાબદાર છે એવું તેમનું દોષારોપણ છે. તેઓ કહે છે કે આદિવાસી-બિનઆદિવાસી સંબંધોના છેવટના ઉકેલ માટ હિંદુ ફિલસૂફી અને સામાજિક માળખાની પુનર્રચના કરવાની જરૂર છે.

તેમનામાંના કેટલાક વિવેકાનંદ અને ગાંધીજીના અવતરણો ટાંકે છે. તા. ૧૨-૫-૬૯ના 'આદિમસમાજ' નામના માસિકમાં 'આદિવાસી રાજ્યની માગણીની ભીતરમાં' એ શીર્ષક હેઠળના લેખમાં દેવદત્ત પટેલ અને પરેશ બી. પટેલે એનો ઉલ્લેખ કર્યો છે. તેમની કલ્પના કંઈક એવી છે કે આદિવાસીઓને હિંદુ ધર્મમાં સમાવી લેવા જોઈએ. તેથી તેઓ એમ કહે છે કે તેનો મોટો આધાર હિંદુઓના વલણ કે વર્તન ઉપર હોય છે. વ્યારા જૂથ રાજકીય રીતે 'સમતોતુલિત બળ' કહી શકાય. તે આદિવાસીઓના રાજકીય શોષણની વિરુદ્ધમાં છે અને તેમની રાજકીય ઓળખ (identity) હિમાયત કરે છે. વસ્તુતઃ તેને આદિવાસીઓનું દબાણજૂથ કે હિતજૂથ કહી શકાય.

**પ્રજા સમાજવાદી પક્ષ અથવા ગામીતની સમજ**

થોડા વખત પહેલાં આદિવાસી સ્વાયત્તરાજ વિષે રતનસિંહ ગામીતે (પ્ર.સ. પક્ષના સભ્ય) એક વાત વહેતી મૂકી. સામ્યવાદી (માર્કસીસ્ટ) અને હિંદી સામ્યવાદી પક્ષે તેનો ઉપયોગ કર્યો. પ્રસંગોપાત સામ્યવાદીઓ સભા બોલાવતા અને સ્વાયત્તરાજ્યની વાતો કરતા. પરંતુ પરિષદ પછી થોડાક મહિનાઓ બાદ ગામીતે કહ્યું કે ડાંગ કેન્દ્રશાસિત હોવું જોઈએ. કેટલાક નિરીક્ષકોએ કહ્યું કે મહારાષ્ટ્ર સાથે વિલિનીકરણ કરવા માટેની હિલચાલ અને માંગનો આ પ્રારંભ છે. પરંતુ એ નોંધવું જોઈએ કે એનું ધ્યાનકેન્દ્ર ડાંગ હતું. તે પાડોશના તાલુકાઓમાં વસતા ઢોડિયા આદિવાસીઓને પણ બહારના ગણે છે. જો કે એની વાત બહુ પાયાદાર લાગી નહિ.

આદિવાસી સ્વાયત્તરાજ્યના આ કેટલાક સૂચિતાર્થો છે. પરંતુ સ્પષ્ટ છે કે એનો રાજકીય શસ્ત્ર તરીકે ઉપયોગ કરવામાં આવ્યો છે. આદિવાસી સ્વાયત્તરાજ્ય એ મુખ્ય સામાજિક રાજકીય ધ્યેય નથી બનાવાયું. હજુ પણ એનો દબાણના દાવપેચ તરીકે ઉપયોગ કરવામાં આવે છે. પરંતુ આ ચળવળનાં મુખ્ય પરિણામોમાંનુ એક એ છે કે તે આદિવાસી સભાનાતા ઉત્તેજે છે અને તેની વૃદ્ધિ કરે છે. આદિવાસીઓને તેમની મુશ્કેલીઓ અને પ્રશ્નોનાં સમજ અને અર્થઘટન આદિવાસી અને બિનઆદિવાસીઓ વચ્ચેના સંબંધોના પાયા ઉપર રચવા પ્રેરે છે. આ તપાસ ઉપરથી એમ કહી શકાય કે આદિવાસી રાજ્યના પુરસ્કર્તાઓએ બીજું ગમે તે કહ્યું હોય પણ હકીકતમાં તો આ જ પ્રમાણે થાય છે.

અમારા નિરીક્ષણ મુજબ, જે જિલ્લાઓમાં અને વિસ્તારોમાં આદિવાસી રાજ્યના વિચારને ઝાઝો ટેકો મળતો નથી ત્યાં પણ આદિવાસીઓના કેટલાક જાગ્રત લોકોમાં, ભૂતકાળમાં અને અત્યારે પણ બિનઆદિવાસીઓ દ્વારા થયેલા અને થતા અન્યાય અને પક્ષપાતની વિશાળ પ્રમાણમાં અને કેટલીક જગ્યાએ

તો ઘણી જ ઉગ્ર લાગણી જોવા મળે છે. આદિવાસીઓના જીવનનાં વિવિધ ક્ષેત્રોમાં અને વિવિધ વર્ગોમાં આવી લાગણી જોવા મળે છે. આ તપાસમાં આપણે બધામાંથી મુખ્યત્વે બે જૂથોનો ખાસ નિર્દેશ કરી શક્યા. આદિવાસી ખેડૂતો અને શિક્ષિત આદિવાસીઓમાં આદિવાસી રાજ્યનો ખ્યાલ આવકાર પામે છે, અને પોષાય છે. હવે તે જોઈએ.

**શિક્ષિત આદિવાસીઓમાં આદિવાસી તરીકેની લાગણી**

આત્યંતિક ભૂમિકા એ છે કે આદિવાસી-બિનઆદિવાસી સંબંધો સારી રીતે વિકસી શકે જ નહિ. દા.ત. જ્યાં સુધી આસપાસના બિનઆદિવાસી સમાજના વર્તન એન વલણો ન બદલાય ત્યાં સુધી સમાનતાના ધોરણે આદિવાસી-બિનઆદિવાસી સંબંધો કદી સ્થાપિત થઈ શકે નહિ. અંતિમવાદીઓ આ પ્રકારનું પરિવર્તન નજીકના ભવિષ્યમાં થવાની કોઈ શક્યતા જોતા નથી. અને તેઓ એમ માને છે કે આદિવાસી-બિનઆદિવાસી સંબંધો ત્યારે જ વિકસે જ્યારે આદિવાસીઓને સ્વતંત્ર વ્યક્તિત્વ હોય. આ આત્યંતિક જૂથ જો કે બહુ મોટું નથી. તેમાં મુખ્યત્વે શિક્ષિત આદિવાસીઓની સંખ્યા વધારે છે. આદિવાસી ખેડૂતો બહુ નથી. ઉચ્ચ શિક્ષણ લેતા આદિવાસીઓની સંખ્યા વધતી જ જાય છે, અને જો તેમને કામે લગાડવામાં ન આવે તો તેમનો ઊહાપોહ વધતો જ જશે. અને છેવટે તેમની મુશ્કેલીઓ માટે બિનઆદિવાસી પ્રતિસ્પર્ધીઓ, નિયોજકો, નીતિઘડવૈયાઓ અને અમલદારો જ જવાબદાર ગણાશે.

ધારાસભાના એક વડીલ સભ્ય કે જેઓ આદિવાસી અસ્મિતાની શેહમાં નથી તેમણે આદિવાસીઓની મુશ્કેલીઓને નીચેના શબ્દોમાં વર્ણવી હતી:

"શિક્ષણ પૂરું કર્યા પછી તેને (આદિવાસી) માટે રોજગારીનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે. તે ગરીબ અને લાચાર હોય છે. કોણ તેને મદદ કરે? રોજગાર વિનિમય કેન્દ્રમાં નામ નોંધાવે. પરંતુ જો ઉમેદવારને ત્રણ માસમાં નોકરી ન મળે તો તેને ફરી નોંધાવવું પડે છે. પરંતુ એ વિષે આદિવાસી અજાણ હોય છે. તે એમ જ માને છે કે નામ નોંધાવ્યું છે એટલે ઓર્ડર આવશે. પરંતુ તે આવે નહિ અને પરિણામે તે હતાશ થાય છે."

"વળી જ્યારે સારી જગ્યાઓ હોય ત્યારે રોજગાર વિનિમયના માણસો આદિવાસીઓના નામ મોકલતા જ નથી અને બિનઆદિવાસીઓને તેનો લાભ આપે છે. પરિણામે આદિવાસીઓને સામાન્ય નોકરી સ્વીકારવી પડે છે."

"એમ.એ. થયેલા માણસને ૧૦૦ થી ૧૫૦ રૂપિયા મળતા હોય તેને કેવી રીતે સંતોષ થાય? બીજી બાજુ એની સાથે જે ભણતો હોય તે કલેક્ટર કે મામલતદાર થાય. આ અસમાનતા કેમ?"

"કદાચ તમે એમ કહેશો કે, આદિવાસીઓને માટે ૫ ટકા જગ્યાઓ અનામત રાખવામાં આવે છે. પણ તેમાં આદિવાસીને લેવાયા છે? યોગ્યતા માટે ઊંચી લાયકાતો રાખવામાં આવે. અને તે બહાના હેઠળ કોઈપણ માણસ બિનલાયક ઠરે. કારણ કે યોગ્ય આદિવાસી અને હરિજન માણસ પ્રાપ્ય નથી અને તેથી અનામત જગ્યા બિનઅનામત થઈ જાય છે."

"આજે આદિવાસીઓને શિક્ષણ અને સહકાર ખાતામાં લેવામાં આવે છે. તમે વહીવટીતંત્રમાં આદિવાસી હોય એવો એક પણ દાખલો મને બતાવશો? ઉજળિયાતો આદિવાસીઓને ઉપર આવવા દેવા જ નથી માગતા."

ત્યાર બાદ અશિક્ષિત આદિવાસીઓ માટે હમદર્દી વ્યક્ત કર્યા પછી તેમણે જણાવ્યું, 'તમે આદિવાસી હો તો જ તમને આ વસ્તુ સમજાય.'

બીજા યુવાન સ્નાતકે પણ એ જ પ્રમાણે જણાવ્યું. તેણે કહ્યું, "તમને ભલે આદિવાસીઓ પ્રત્યે સહાનુભૂતિ હોય પણ તમે અમને ન સમજી શકો."

ઘનશ્યામ શાહે ડાંગમાં રોજગાર વિહિન શિક્ષિત આદિવાસીની લાગણી કેવી છે તે જણાવ્યું છે. તે લખે છે, 'એક સામાજિક કાર્યકર ઉપર લખેલ પત્ર એ યુવાન આદિવાસીની કટુતાનો સચોટ પુરાવો છે. તે લખે છે:

"જીવનની ખરી કસોટી નોકરી મેળવવામાં થાય છે. અમારા અભણ અને અજ્ઞાન સગાસંબંધીઓ તો એમ જ માને છે કે આટલું બધું (કૉલેજ પદવી) ભણ્યા પછી તેમને તરત જ નોકરી મળી જવી જોઈએ. પણ આ દુનિયાની ખૂબી તો એ છે કે ઈન્ટરવ્યુ માટે બોલાવવું એ તો એક ઔપચારિક વિધિ છે. આવવા જવામાં ખાલી ખોટા પૈસા બગાડીએ છીએ, બાકી કોઈ આપણી વહારે ધાવાનું નથી. પૈસા અને નોકરી એટલાં બધાં મહત્ત્વનાં નથી. પણ નોકરી વગર સમાજમાં રહેવું કોઈને પણ માટે ભારે પડી જાય અવું છે. આ સંજોગોમાં માણસને જીવવું મુશ્કેલ બને છે."

પરંતુ જો નોકરી મળે તો તે પોતાની અપેક્ષાઓ પ્રમાણેની ન હોય તો તેમાં તેને સંતોષ થાય જ નહિ. તે પોતાને માટે દિલગીર રહેશે અને હતાશા અનુભવશે. એક ડાંગી સ્નાતકે જણાવ્યું કે, 'આવી નામોશી ભોગવવા કરતાં જે નોકરી મળે તે સ્વીકારી લે છે, અને તેને લાગે છે કે તેના અભણ માબાપ કમાય છે તેનાથી કશું વધારે મેળવતો નથી.' આમ, 'અન્યાય થયાની ભાવના' વિકસે છે. તેને જોઈએ તેવી તક અને માનમોભો મળતાં નથી. નોકરી શોધતી વખતે જેને દુનિયાદારીનો અનુભવ નથી તેવો આદિવાસી છોકરો કોઈપણ માણસ 'શિક્ષિત' કે 'લાયકાતવાળો' હોય તો તેને નોકરી મળવી જ જોઈએ એમ માને છે. એક આદિવાસી યુવકે મને જણાવ્યું કે, "તેઓ ઔપચારિકપણે ઈન્ટરવ્યુ માટે બોલાવે છે. હકીકતમાં ઈન્ટરવ્યુ પહેલાં ઉમેદવારની પસંદગી થઈ જ ગયેલી હોય છે. લોકો તેમના કુટુંબ અને જ્ઞાતિના જ માણસોને પસંદગી આપે છે. આવા સંજોગોમાં અમારા જેવા ગરીબ અને નિસઃહાય લોકોની કોણ દરકાર કરે?"

આવી રીતે 'અમે' અને 'તેઓ'ની લાગણી પુષ્ટિ પામે છે, પોષાય છે, વૃદ્ધિ પામે છે. આવી લાગણીને ભૂંસી નાખવી ઘણી કઠિન છે. છતાં એને પોષાતી અટકાવી શકાય તેમ છે.

મોટી સંખ્યામાં અમારા મુલાકાતીઓએ જણાવ્યું કે આદિવાસીઓ અને બિનઆદિવાસીઓ વચ્ચેનું અંતર નષ્ટ થયું નથી. પરંતુ તે ઘટ્યું જરૂર છે, અને ભવિષ્યમાં તે ઓસરી જશે. આ પ્રકારની અપેક્ષા એવી જ કેટલીક બાબતોમાં અંતર વધારે છે. તેમણે કહ્યું કે શિક્ષિત આદિવાસી અને શિક્ષિત બિનઆદિવાસી વચ્ચેનું અંતર ઓછું છે. તેઓ આદિવાસી-બિનઆદિવાસીની લાગણી સિવાય સહેલાઈથી ભળી શકે છે. તેમણે એમ પણ જણાવ્યું કે ઉપલા વર્ગના આદિવાસીને બિનઆદિવાસીઓ રોજબરોજના સામાજિક વ્યવહારમાં જુદો ગણતા નથી. આદિવાસીઓની દૃષ્ટિ અને વર્તણૂક પણ શિક્ષણને લીધે બદલાયાં છે. તેને આદિવાસી માની શકાય જ નહિ.

'અમારાપણું' અને 'તમારાપણું'ની લાગણીઓ વચ્ચે સંઘર્ષ ત્યારે જ થાય છે, જ્યારે પરસ્પર સ્પર્ધાત્મક હિતો ટકરાય છે. આ વસ્તુ વધારેમાં વધારે બનતી હોય તો તે શિક્ષિતોની રોજગારીના ક્ષેત્રે. ખરું જોતાં આ તો રોજગારીની તકોની અછતનો સવાલ છે. આ પ્રકારની હતાશા ઉજળિયાતો કે ઉપલા વર્ગના લોકો પણ અનુભવે છે. બ્રિટીશ અમલ દરમિયાન જ્યારે તેમણે વિકસિત, મધ્યમ અને પછાતવર્ગો અને મુસ્લિમ લઘુમતીઓ એમ જુદા જુદા ભાગ પાડેલા ત્યારે બ્રાહ્મણ અને અન્ય વિકસિત જ્ઞાતિઓને આવો જ અનુભવ થયેલો.

આમ શિક્ષણ પોતે જ આદિવાસી-બિનઆદિવાસીઓના સંબંધોને સૌમ્ય બનાવે છે. પરંતુ લોકો જીવનનિર્વાહ ચલાવવા માટે પણ શિક્ષણ લેતા હોય છે. અને જ્યારે જોઈએ તેટલા માણસોને પૂરતી તક ન મળે ત્યારે આદિવાસી સભાનતા કામ કરતી થાય છે. ધંધાની તકો સામાન્ય આર્થિક વિકાસમાંથી ઉદ્ભવે છે અને આ વિકાસની એ નિષ્ફળતા છે કે તે શિક્ષણના એકતા-પ્રેરક ભૂમિકા (Role)ને સંઘર્ષાત્મક ભૂમિકામાં ફેરવી નાખે છે.

**જમીન ધરવાનારાઓમાં `આદિવાસી' લાગણી**

બીજું જૂથ જેમાં આ સૂત્ર આવકાર પામે છે અને પોષાય છે તે 'અમારાપણા'ની જોરદાર લાગણી ધરાવતું, આદિવાસી મધ્યમ ખેડૂતો અને મોટા જમીનદારોનું છે. ગણોતધારાની ખામીઓ અને કેટલાક કેસોમાં આદિવાસીઓની વિરુદ્ધ તેનો અમલ થયો હોવા છતાં ઘણા લોકો ગણોતધારાને સહારે

જમીનમાલિકો થઈ ગયા અને ઘણા લોકોની જમીનના વિસ્તારમાં વધારો થયો. આ જમીન ધરાવતો વર્ગ ખરું પૂછો તો ઘણો મોટો છે. હકીકતમાં વસ્તી ગણતરીના આંકડા જોતાં જણાય છે કે કેટલીક આદિવાસી જ્ઞાતિઓમાં ખેડૂતો કરતાં ખેતમજૂરોની સંખ્યા ઓછી છે. જમીનમાલિકી ૧૦ એકરથી કદાચ વધારે નહિ હોય. પરંતુ આ વર્ગમાં માલિકીભાવને લીધે અને ખાસ કરીને વાહનવ્યવહાર, વર્તમાનપત્રો અને ગામડાંઓમાં નિશાળો આવવાથી તેમને માટે જે નવું જગત ખુલ્યું છે તેનાથી તેમનામાં નવીન આત્મવિશ્વાસ અને આકાંક્ષાઓનો સંચાર થયો છે. તેઓ તેમના છોકરાઓને આવક અને મોભો (દરજ્જો) બંને મેળવવા માટે ભણાવવાની ઈચ્છા રાખે છે. આમ, ધન અને માનમરતબાના સંદર્ભમાં જમીનને નવી રીતે મૂલવાય છે. તેથી માનસિક રીતે ખેતમજૂરોને માટે પણ જમીન વહેંચણીનો કાર્યક્રમ ઘણો જ આકર્ષક છે. ખરું જોતાં દરેકને માટે પૂરતી જમીન જ નથી અને જો બધી જ પ્રાપ્ય જમીન વહેંચી દેવામાં આવે તો પણ ઘણા ખેતમજૂરો મજૂર તરીકે જ રહેવાના એમાં સંશય નથી. પરંતુ આ પ્રકારના કાર્યક્રમની ઉપયોગિતા એની આંદોલન સ્વરૂપની પ્રવૃત્તિની છે. પણ સાથે એ સમજવું જરૂરી છે કે બધા જ આંદોલનો હાનિકારક હોતાં નથી. વિકસતા સમાજમાં આંદોલનની ઉપયોગિતા છે. રાજકીય રીતે જોતાં તે કાર્યક્રમ દ્વારા લોકો અને વહીવટકર્તાઓની સ્થગિતતા અને સુસ્તીને ઢંઢોળીને લોકોમાં મહત્ત્વાકાંક્ષા જન્માવે છે.

શિક્ષિતો કમસે કમ તેમની પ્રથમ પેઢી જેને આપણે નાના જમીનમાલિકો અથવા મધ્યમ ખેડૂતવર્ગ કહીએ છીએ તેમાંથી આવે છે. શિક્ષણના શરૂઆતના સમયમાં શિક્ષિતો અને જમીન ધરાવતા ખેડૂતોમાં એકરાગિતા હોય છે. પરંતુ જ્યારે શિક્ષિતોનો પ્રભાવ જીવનની રીતભાત, રહેણીકરણી, જીવનની દૃષ્ટિ વગેરેમાં વધવા માંડે છે ત્યારે ખેડૂતો તેમની ટીકા કરવા માંડે છે. શિક્ષણના છેલ્લાં પચ્ચીસ વર્ષથી આ બનતું આવ્યું છે અને અત્રે નોંધવું જોઈએ કે આ રીતે શિક્ષિતોનું ગ્રામ્યજીવન પ્રત્યેનું અને ખેડૂતોનું શિક્ષિતો પ્રત્યેનું દ્વિધાયુક્ત વલણ આદિવાસી અને બિનઆદિવાસી બન્ને સમાજમાં જોવા મળે છે. બિનઆદિવાસી ગ્રામ્યસમાજમાં શિક્ષિતોનાં બદલાતાં સ્થાન અને ભૂમિકાના અભ્યાસથી આદિવાસી સમાજની આસપાસના સમાજ તરફની ગતિને વધુ સારી રીતે સમજી શકાશે.

જમીન ધરાવતા આદિવાસી ખેડૂતો અને શિક્ષિત વર્ગની આકાંક્ષાઓ અને મહેચ્છાઓની પણ આદિવાસી-બિનઆદિવાસી સંબંધો ઉપર અસર થાય છે. વિશાળ સમાજની હરોળમાં આવી જવાની તેમની ઈચ્છા તીવ્ર છે. પરંતુ સહેલાઈથી તેમ થવાનાં સાધનો કે ઉપાય તેમની પાસે નથી. ઐતિહાસિક પરિબળોને લીધે બિનઆદિવાસીઓમાં એની શરૂઆત વહેલી થઈ અને આદિવાસીઓ કરતાં આગળ આવી ગયા. જે આદિવાસીઓ સાધનસંપન્ન થયા છે અને સમૃદ્ધિની સમાનતા પ્રાપ્ત કરી શક્યા છે તેમને સમાન સત્તા અને સમાન પ્રતિષ્ઠની ઈચ્છા થાય એ સ્વાભાવિક છે અને તેથી તેઓ સ્વાયત્તરાજ્યની કે એવી રીતની વાત કરે છે. આમ, આદિવાસીઓમાં બિનઆદિવાસીઓ જેવી સ્તરીકરણની પ્રક્રિયા ચાલે છે તેમાંથી સ્વાયત્તરાજ્યનું સૂત્ર જન્મે છે. આ સૂત્ર તેમને આદિવાસી અને બિનઆદિવાસી બન્ને પ્રકારના હરીફો સામે ઉપયોગી થાય છે. અને સૂત્રની મદદથી જૂના વખતના આદિવાસી-બિનઆદિવાસીઓના સંબંધો પર બંધાયેલી સુષુપ્ત લાગણીને સહેલાઈથી ઉત્તેજી અનુયાયીઓ મેળવી શકાય છે.

**રાજકીય પ્રવૃત્તિ અને આદિવાસી રાજ્યની માગણી**

સમાન સામાજિક-આર્થિક વિકાસ અને આદિવાસી-બિનઆદિવાસી સંબંધોની સમાન લાગણીને બદલે આદિવાસી રાજ્યની માગણી અને ચળવળ તો જુદા જુદા જિલ્લાઓમાં જુદા જુદા પ્રમાણમાં આવકાર પામી છે, અને જુદી જુદી રીતે સમજાઈ છે. આ ફેર કેમ સમજાવવો? એક તફાવત રાજકીય પ્રવૃત્તિમાં જોવા મળે છે. આપણે જોયું તેમ રાજકીય આંદોલન તરીકે ફક્ત ભરૂચ જિલ્લામાં તે ચાલે છે અને ત્યાંના પૂરતી જ તે મર્યાદિત છે. ત્યાં સામ્યવાદીઓએ તેમની પરિભાષામાં સંકુચિત માનસવાળા અને પ્રત્યાઘાતીઓ સાથે હાથ મિલાવ્યા છે. બાકી બે આદિવાસી તાલુકાઓ સિવાય સુરત જિલ્લામાં સામ્યવાદીઓનો પગદંડો નથી. વલસાડમાં એક પણ તાલુકામાં તેમનું સ્થાન નથી. વલસાડ જિલ્લામાં આદિવાસી રાજ્યનો વિચાર સ્વીકારાયો જ નથી. સુરત જિલ્લામાં વ્યારા જૂથની પરિસ્થિતિ જોતાં તે આ ઘડીએ આદિવાસી રાજ્ય માગતા

નથી. પણ જો તેઓ માગે તો તે સંપૂર્ણ સ્વાયત્તરાજ્ય હોય અને નહિ કે પરિશિષ્ટ પાંચ જેવું. પરંતુ સામ્યવાદીઓ અને વ્યારા જૂથની ભૂમિકા અલગ અલગ છે. વ્યારા જૂથના કિસ્સામાં આદિવાસી-બિનઆદિવાસી સંબંધો અને હિંદુ સમાજ અને ફિલસૂફીમાંથી સવાલ ઉપસ્થિત થયો છે. સામ્યવાદીની પરિભાષામાં તેઓ સાંપ્રદાયિક કે પ્રત્યાઘાતી છે.

આમ આ ચળવળ સૌથી વધારે તીવ્ર અને વ્યાપક રીતે ભરૂચ જિલ્લામાં ચાલી તેનું કારણ તે રાજકીય પક્ષના કાર્યક્રમ તરીકે હતી માટે. હવે ભરોસાપાત્ર રીતે જાણવા મળ્યું છે કે માર્ક્સીસ્ટ સામ્યવાદી પક્ષે એમની નીતિ બદલી છે. અને તે સ્વાયત્તરાજ્યની માંગને ટેકો આપવાના નથી. એટલે ચળવળ બંધ થવી જોઈએ એમ ધારી શકાય. જો આપણું વિશ્લેષણ સાચું હશે તો ચળવળ બંધ પણ થશે.

છતાં, આદિવાસીઓના પ્રશ્નો રાજકીય પક્ષના કાર્યક્રમ અને પ્રવૃત્તિનો એક ભાગ ન બન્યા હોત અને બનશે નહિ તો પણ તદ્દન આદિવાસી સાંપ્રદાયિક વિચારસરણીનો આવિર્ભાવ ત્રણે જિલ્લાઓમાં નકારી શકાય નહિ. બલ્કે ૧૯૭૨ની ચૂંટણીમાં એવું કંઈક થશે એમ ધારી શકાય. આદિવાસીઓમાં ભૂતકાળના આદિવાસી-બિનઆદિવાસી સંબંધોમાંથી ઉત્પન્ન થયેલી લાગણી પ્રવર્તે છે અને દરેક જિલ્લામાં તેનો ઉપયોગ કરનારા તેમજ તકવાદી વ્યક્તિઓ અને પક્ષ પણ છે.

છેલ્લાં ૨૦ વર્ષ દરમિયાન થયેલા વિકાસને લીધે એવા સામાજિક આર્થિક અને માનસિક પરિબળો વિકસ્યાં છે, જેથી આદિવાસી સમાજ પરિવર્તનને માટે પરિપક્વ થઈ ગયો છે. તેને પરિવર્તન પામતો અટકાવી કે પાછો ઠેલી શકાશે નહિ. આમ છેલ્લા ૨૦ વર્ષ દરમિયાન આદિવાસી સમાજમાં કંઈ જ થયું નથી એમ કહેવું ભૂલભરેલું છે. સૌ પ્રથમ તો બિનઆદિવાસી વિસ્તારની જેમ ત્યાં પણ ઘણું થયું છે, એમ સ્વીકારી લેવું જરૂરી છે. સવાલ એ છે કે કઈ રીતે આગળ વધવું અથવા પ્રગતિ કરવી અથવા આ પરિબળોને પુનર્રચના માટે કઈ રીતે નાથવાં તેમને નાથવા માટે ડોશીમાની પદ્ધતિ અને તેના કરંડિયાની ઔષધીઓ કારગત નીવડશે નહિ. વૈજ્ઞાનિક સંશોધનનું સ્થાન અહીં છે.

આપણે જોયું તેમ કેટલાક વિવિધ ક્ષેત્રો છે કે જ્યાં પરિવર્તનનાં પરિબળો કામ કરતાં હોય છે. તે દરેક ક્ષેત્રના પ્રશ્નોનો વ્યવસ્થિત રીતે ઉકેલ સાધવો જોઈએ. એ પણ સાચું છે કે સામાન્ય રીતે કોઈપણ વસ્તુ કરવા કરતાં કહેવી ઘણી સહેલી છે. પરંતુ અહીં મુદ્દો એ છે કે જે લોકોને કરવાનું છે તેઓ પોતે જે ભૂમિકા ઉપર કામ કરતા હોય છે તે ઉપરાંતની એક ભૂમિકા તેમની સમક્ષ સંશોધન દ્વારા મૂકવી. સ્વીકારવી ન સ્વીકારવી એ તેમના ઉપર આધાર રાખે છે. અને કહીએ તેટલું બધું સ્વીકારાય પણ નહિ.

હાલના જેવી સામાજિક પરિસ્થિતિને રાજકીય અને વહીવટી પગલાંથી પહોંચી વળવાના પ્રયત્નો કરવાની રીત ઘણી સામાન્ય છે. એકદમ રાજકીય કક્ષાએ સામાજિક પ્રશ્ન મૂકી દેવાથી શું થાય છે તે ઘનશ્યામ શાહે ડાંગ વિષેના અહેવાલમાં વર્ણવ્યું છે. તેમણે નવા પ્રકારનું વહીવટી તંત્ર આવે ત્યારે શું થાય છે તે પણ જણાવ્યું છે. કોઈપણ બાબતને આર્થિક, સામાજિક અને તાત્ત્વિક વાસ્તવિકતાઓને ધ્યાનમાં લીધા વગર ફક્ત કાયદા અને વ્યવસ્થાના પ્રશ્ન તરીકે ગણી લેવામાં ભૂલ થતી હોય છે.

આ વાસ્તવિકતાઓનો વિશિષ્ટ પ્રશ્નોના સંદર્ભમાં અભ્યાસ કરવો જોઈએ. ખાસ કરીને કોઈ કોઈ વાર સરકાર તેની પોતાની રીતે આવો અભ્યાસ કરે છે. સમાજ વિજ્ઞાનના અભ્યાસી કદાચ આવા અભ્યાસને દૃષ્ટિ આપી શકે. પરંતુ તે માટે વહીવટીતંત્ર અને સંશોધક વચ્ચે ચર્ચા અને વિચાર-વિનિમય થવાં જરૂરી છે.

અત્રે એટલો જ ઉલ્લેખ પ્રસ્તુત છે કે આદિવાસી-બિનઆદિવાસી સંબંધો વિષેની લાગણી ભાવિ વિકાસમાં ઘણો જ મહત્ત્વનો ભાગ ભજવશે. અહીં એટલી સ્પષ્ટતા કરવી જરૂરી છે કે આદિવાસીઓ શું વિચારે છે અને કરે છે એટલું જ નહિ પણ બિનઆદિવાસીઓ શું વિચારે છે અને કરે છે તે પણ એટલું જ મહત્ત્વનું અને ઉપયોગી છે. મતલબ કે, બધા જ પ્રશ્નો આદિવાસીઓ તેમની દૃષ્ટિએ વિચારે છે અને બિનઆદિવાસીઓ તેમના પોતાના દૃષ્ટિકોણથી જુએ છે. સામાન્ય રીતે એમ માનવામાં આવે છે કે બિનઆદિવાસી દૃષ્ટિ હંમેશા વિશાળ હોય છે. આ માન્યતા સાચી નથી. ઘણું કરીને લોકો જાણે છે તે તો એટલું જ કે, ગુજરાત રાજ્ય વિધાનસભામાં ૨૮ આદિવાસી સભ્યો છે. પરંતુ ભાગ્યે જ કોઈ વિચારે છે કે

એટલા બધા ક્યાંથી અને કેવી રીતે આવ્યા. જુદા જુદા વિસ્તારોની વસ્તુસ્થિતિ અલગ અલગ હોય છે. દા.ત. દક્ષિણ ગુજરાતમાં ૧૯૬૧ની વસ્તી ગણતરી મુજબ સુરત અને વલસાડ જિલ્લામાં ૫૦ ટકા ભરૂચમાં ૪૨ ટકા અને ડાંગમાં ૯૭ ટકા આદિવાસીઓની વસ્તી નીકળી હતી. જ્યારે ૫૦ ટકા વસ્તીની માંગ આગળ ધરવામાં આવી તે સંકુચિત કે માત્ર વર્ગીય ગણાય તો પછી બીજા ૫૦ ટકાની દૃષ્ટિ કેમ વિશાળ ગણી શકાય? ત્યારે ઘણું ખરુ એવો જવાબ મળશે કે બિનઆદિવાસીઓ, આદિવાસીઓ કરતાં વધારે વિકસિત, જાણકાર અને વધુ સમજદાર છે. આદિવાસી અગ્રવર્ગ આ જ વાત સ્વીકારતો નથી. તે લોકો એમ માને છે કે આ માન્યતા આદિવાસીઓને પછાત રાખવાનું કાવતરું છે. બધા જ વિસ્તારોના બિનઆદિવાસીઓમાં આદિવાસીઓની આકાંક્ષાઓ અને અભિલાષાઓની જાણકારી વધારવાની જરૂર છે, અને બિનઆદિવાસી દૃષ્ટિ પણ બદલવાની જરૂર છે. બિનઆદિવાસીઓનું બીજું એક વલણ પણ બદલવાની જરૂર છે. તે એ કે, સામાન્ય રીતે, તેઓ તો આદિવાસીઓનું ભલું કરવા જ પ્રવૃત્ત હોય છે. અને આદિવાસીઓએ આ સમજીને તેની કદર કરવી જોઈએ.' પરંતુ, આદિવાસીઓ હવે પોતે જ પોતાના હિતનો નિર્ણય કરવામાં અને તેનો અમલ કરવામાં પ્રત્યક્ષ સહભાગી થવા માગે છે. આદિવાસીઓની આ ભાવના પીછાની તેને માન્ય કરવી જોઈએ. આ બિનઆદિવાસીઓએ તે ભાવનાની સમજ કેળવી લેવી જરૂરી છે.

આદિવાસીઓએ એ જાણવાની જરૂર છે કે તેમના સમાજમાં જે પરિવર્તનો આવી રહ્યાં છે તેનાથી તેના પર અને શિક્ષણ પર આધારિત વ્યાવસાયિક ભેદો અને દરજ્જાના ભેદો ઊભા થનાર છે. અને ટૂંક સમયમાં તેમણે પોતાનામાં આને લઈને ઉદ્ભવતા પ્રશ્નોને સંભાળવા પડશે. અલગ સ્વાયત્ત રાજ્ય કરવામાં આવે તો પણ આ પ્રકારના તેમજ રોજગારીના પ્રશ્નોનો તો સામનો કરવો જ પડવાનો. રાતોરાત તે ઉકલી શકવાના નથી. જેમ કે, ભારતે રાજકીય સ્વાતંત્ર્ય પ્રાપ્ત કર્યા છતાં પણ આ સમસ્યાઓ હલ કરી શક્યું નથી. વિવિધ વિસ્તારોમાં અને સમાજોમાં જુદા જુદા વેગે થતો વિકાસ આદિવાસી અને બિનઆદિવાસી બન્નેમાં સરખા જ પ્રશ્નો સર્જે છે. ડાંગી આદિવાસી ઢોડિયા આદિવાસીને બહારનો માણસ ગણે અને આહવામાં દક્ષિણ ગુજરાત આદિવાસી સ્વાયત્તરાજ્યની પરિષદ ભરે. ત્યારે ડાંગી પહેલો કે ઢોડિયો પહેલો કે આદિવાસી પહેલો? તદુપરાંત આદિવાસી વિદ્યાર્થી મંડળો, પ્રાથમિક શાળાના શિક્ષકોનાં મંડળો, અને યુવક મંડળો પણ એનાં ઉદાહરણો છે. આદિવાસી રાજ્ય માટે એ પણ પ્રશ્નો ઊભા થશે. શિક્ષક ખરો પણ આદિવાસી, આદિવાસી ખરો પણ ઢોડિયો, ચૌધરી કે ગામીત પણ ખરો? આ પ્રશ્ન આદિવાસીઓએ ઉકેલવાનો રહેશે.

બિનઆદિવાસીઓ આવાં મડળોને સંકુચિત ગણીને બંધ કરાવે કે અવગણે તો તે ભૂલ છે. આવાં મંડળો ફક્ત આદિવાસીઓ પૂરતાં જ છે. પરંતુ તેમનાં હિતો તો આદિવાસી અને બિનઆદિવાસી બંને માટે સરખાં છે. અને ત્યાં એક ફલક ઉપર આવી શકે. અને ત્યાં રચનાત્મક ભૂમિકાથી કામ કરવું પડે ત્યારે આપોઆપ બીજી વાસ્તવિકતા ખડી થાય. અને આદિવાસી અને બિનઆદિવાસી બંનેને વિચાર કરતા કરી મૂકે.

સત્તાની વહેંચણીમાં આદિવાસીઓને હિસ્સો જોઈએ છે. શા માટે નહિ? આ ઘટના નવી નથી. બિનઆદિવાસી વિસ્તારોમાં પણ જે ઊંચી ગણાતી જ્ઞાતિઓ અને ઊંચી આવક ધરાવતાં જૂથો છે તેમની પાસેથી નિમ્ન દરજ્જો ભોગવતા નીચલા વર્ગો આ જ પ્રકારની સારી પ્રતિષ્ઠા અને સત્તાસ્થાન મેળવવાની અપેક્ષા રાખે છે. તલાટ વિસ્તાર અને કાંઠાના વિસ્તારની કેટલીક જ્ઞાતિઓએ પ્રતિષ્ઠા અને સત્તા બન્નેનું સંપાદન કર્યું છે, અને તે એટલે સુધી કે તે હવે જ્ઞાતિવાદનો પ્રશ્ન રહ્યો નથી. જે કહેવાતી નીચલી જ્ઞાતિઓ છે તે પણ રાજકારણમાં પડી ચૂકી છે અને તેમનું રાજકીયીકરણ થઈ રહ્યું છે. સાથોસાથ બહોળા સમાજ સાથે ભળી ગયા છે. હવે હરીફાઈમાં એ લોકો કરતાં પણ પાછળ રહેલા આદિવાસીઓ આવે છે. આ ઈતિહાસની પ્રક્રિયા છે અને બધે જ જોવા મળે છે. પરંતુ આદિવાસી અને નીચલી કોટિનાં જૂથો વચ્ચે બે તફાવતો રહેલા છે. એક તો પહેલા જૂથોની રહેણીકરણી અને સંકલન બહોળા સમાજ સાથે છે. ખાસ

કરીને રાજકીય ક્ષેત્રે અને આર્થિક-સામાજિક તકોનો લાભ મેળવવા હરીફાઈમાં આદિવાસીઓ આ માળખામાં આઝાદી પછી જ એટલે કે ૧૯૪૭ પછી પ્રવેશ્યા. આમ, તેમની શરૂઆત મોડી થઈ.

બીજું, આદિવાસીઓમાં પોતાને અળગા રાખ્યા હોવાની લાગણી છે. આ લાગણી તેઓ જુદા જૂથના (આદિવાસી) છે એ પ્રકારની સભાનતા ઉપર આધારિત છે. આ પ્રકારની લાગણી અને રાજકીય તથા તકોની વ્યવસ્થામાં મળતી ભાગીદારીની સ્થિતિ વચ્ચે સંઘર્ષ થાય છે. આ ભાગ લેવાની પ્રક્રિયામાં ઓછી આવક અને પ્રતિષ્ઠા ધરાવતા તલાટ અથવા મેદાન વિસ્તારના લોકોમાં જેમ થયું તેનાથી આદિવાસીઓમાં જુદી રીતે થયું. આદિવાસીઓને રાજકીય દિશામાં સંપૂર્ણપણે અને આર્થિક દિશામાં તેથી થોડા પ્રમાણમાં સજાગ રીતે વાળવામાં આવ્યા છે. આ પ્રમાણે સજાગ રીતે એક દિશાએ વાળવાથી આદિવાસીને રાજકીય અને સામાજિક પ્રવાહમાં ભળવાનું સહેલું થયું. પરંતુ સાથે જુદાઈની લાગણીમાં પણ ઉમેરો થયો. છેલ્લાં વીસ વર્ષો દરમિયાન આ પ્રકારની લાગણી એટલી બધી વિકાસ પામી છે કે આ સવલતોની ઘોડીને તેઓ છોડવા માગતા જ નથી. અને તે તરત જ દૂર કરવી તે પણ ડહાપણ ભરેલું નથી. બંધારણીય જોગવાઈઓથી એક વસ્તુ થઈ છે કે આદિવાસીઓની આકાંક્ષાઓ અને મહેચ્છાઓ વધી છે. આદિવાસી પ્રજા જાગ્રત થઈ છે. પરિવર્તન માટે આ જરૂરી છે અને તેથી તે આવકારવા જેવું છે. આ ઘોડીનો ટેકો દૂર કરવા માટે રસ્તા તેમણે જ શોધવા પડશે. પરંતુ તે માટે એટલું જરૂરી છે કે આજે જે તકોનું માળખું છે તે પૂરતું વિસ્તૃત થાય અને તે એટલું વિકસી રહે કે ઓછામાં ઓછું જે નવા આવનારાઓમાંથી મોટી સંખ્યાને તેમાં સમાવી લઈ શકાય. પણ આ પ્રશ્ન સમસ્ત ગુજરાતનો અને ભારતનો છે. આદિવાસીઓ જેમ જેમ આ કારભારમાં આવશે તેમ તેમ તેમને એ સમજાશે. માટે એ કારભારમાં તેમને જેટલા વહેલા દાખલ કરાય તેટલા સારા.

તપાસકાર્ય પૂરું થયું અને અહેવાલ તૈયાર થયો ત્યારે ૩૧ જુલાઈ ૧૯૭૦નાં દૈનિકપત્રોમાં એવા સમાચાર પ્રસિદ્ધ થયા કે ગુજરાત સરકારે આદિવાસી અને હરિજન કલ્યાણ માટે મોટા ભાગના આદિવાસી અને હરિજન સભ્યો ધરાવતા એક બોર્ડની નિમણૂંક કરી છે. એ બોર્ડ ઘણું જ શક્તિશાળી છે કે જે આદિવાસીઓ અને હરિજનો માટે યોજનાઓ ઘડી શકે અને મંજૂરી આપી શકે. હરિજન અને આદિવાસી દરેક માટે એક એમ બે પેનલ પણ કરી શકાય. આ પેનલો દ્વારા બોર્ડ હરિજનો અને આદિવાસીઓના શૈક્ષણિક, આર્થિક અને સામાજિક વિકાસ સાધવાની યોજનાઓ માટે સુગ્રથિત વ્યવસ્થા કરવી જોઈએ. આ બોર્ડની ફરજો નીચે પ્રમાણે છે શૈક્ષણિક અને કલ્યાણ પ્રવૃત્તિઓ, ગૃહનિર્માણ, રોજગારી અને આરોગ્ય યોજનાઓ પાછળ ધ્યાન રાખવું અને આદિવાસીઓ અને હરિજનોને લાગેવળગે છે ત્યાં સુધી અન્યાય અને તમામ પ્રકારનાં શોષણોથી રક્ષણ પૂરું પાડવું.

જો બોર્ડ ડહાપણભરી રીતે કામ કરશે તો આદિવાસી અને હરિજનોની બદલાતા બહોળા સમાજમાં વધતી જતી ભાગીદારી પ્રત્યે ઘણું કરી શકે તેમ છે. જો તે ત્વરિત ફલશ્રુતિ માટે ઉતાવળાં પગલાં અને ટૂંકી દૃષ્ટિ રાખશે તો પ્રશ્નો ઉકેલવાને બદલે ઊલટા વધારી મૂકશે.

**સમાપન**

આ અન્વીક્ષણની શરૂઆત આદિવાસી સ્વાયત્તરાજના સૂત્રની જુદી જુદી સમજથી કરી, દરેક પોતપોતાની રીતે સૂત્રને સમજતા એવા બે રાજકીય પક્ષો અને એક વિશિષ્ટ આદિવાસી હિતની દૃષ્ટિવાળી સામાજિક સંસ્થાની સમજ આપણે તપાસી. બે રાજકીય પક્ષો, સામ્યવાદી (માર્ક્સ) અને સ્વતંત્ર પક્ષની તાત્ત્વિક રાજકીય ભૂમિકા ખૂબ અંતરવાળી અને ત્રીજી સંસ્થાની સમજ સુધારાવાદી હિન્દુત્વની છે. છેલ્લા સમાચાર પ્રમાણે (નવેમ્બર ૧૯૭૦), આ સંસ્થામાંના કેટલાક અગત્યના સભ્યો જનસંઘમાં જોડાયા છે.

આમ તાત્ત્વિક રીતે તો આ ત્રણે જૂથો આદિવાસી સ્વાયત્તરાજની ચળવળમાં એક થવાની શક્યતા ઓછી જ હતી. કદાચ ત્રણેની નેતાગીરી અને તેમના અનુયાયીઓ બદલાતા આદિવાસી સમાજના જુદા જુદા વિભાગોમાંથી આવતા હોવાનો સંભવ પણ છે. આ મુદ્દો આ તપાસમાં બાકી રહ્યો છે. દરેક જૂથ આ સૂત્રને

એક યા બીજી રીતે સરકાર ઉપર દબાણ લાવવા માટે અને આદિવાસીઓમાં પોતાનું બળ જમાવવા માટે એક રાજકીય હથિયાર તરીકે વાપરતું હતું.

આ તપાસનો હેવાલ લખાયા પછી જે બન્યું તે ઉપરથી ઉપર જણાવેલી એ સૂત્રની સમજને અનુમોદન મળે છે. સામ્યવાદી પક્ષે આદિવાસી સ્વાયત્તરાજના સૂત્ર અને ચળવળને છોડી દીધાં. સ્વતંત્ર પક્ષવાળા ગુજરાત સરકારનાં પક્ષમાં જોડાયા. અને વ્યારા જૂથ એમાં બહુ ભળતું જ ન હતું. પરિણામે આદિવાસી સ્વાયત્તરાજનું સૂત્ર એક રાજકીય હથિયાર તરીકે બુઠ્ઠું થયું. ૧૯૭૨ની ચૂંટણીમાં કોઈ રાજકીય પક્ષ એનો પુરસ્કાર નહિ કરે એમ માનવાને આ કારણ છે.

પરંતુ આપણે એમ પણ જોયું કે આદિવાસી સ્વાયત્તરાજનું સૂત્ર અને ચળવળ બન્ને છોડી દેવાય તો પણ આદિવાસીઓમાં એ સૂત્રને ખુલ્લો અને મૂંગો આવકાર મળ્યો તે ઉપરથી આદિવાસીઓના દરેક પ્રશ્નનું આદિવાસી-બિનઆદિવાસી સંબંધના સંદર્ભમાં અર્થઘટન કરનારી દૃષ્ટિ જીવંત રહે એ શક્યતા નકારી શકાય નહિ.

આ અનુમાન આદિવાસી સ્વાયત્તરાજના સૂત્રને આવકાર આપતી અને આગળ ધપાવતી પરિસ્થિતિ પર આધારિત છે. શરૂઆતમાં આ સૂત્રનો સ્વીકાર અને પ્રસારની જે ચાર અનુકૂળ અને પ્રતિકૂળ પરિસ્થિતિ ગણાવી તેમાંથી એક – રાજકીય પક્ષનો દૂજોરો – નિકાલે પડી. પરંતુ બાકીની ત્રણ રહે છે. તે (૧) આદિવાસી સમાજમાં થતા સામાજિક ભેદો અને ભેદભાવો અને (૨) તેની સાથે સંકળાયેલાં હિતો તથા (૩) આદિવાસીઓના દરેક પ્રશ્નને આદિવાસી-બિનઆદિવાસી સંબંધોના સંદર્ભમાં જોવાનું માનસ. એવો પણ નિર્દેશ કર્યો કે વિશિષ્ટ આદિવાસી હિતની ભૂમિકા ઉપર રચાયેલી નીતિરીતિનો પુરસ્કાર કરતા બળની શક્યતા નકારી ન શકાય.

પરંતુ સાથે સાથે એ પણ જોયું કે આદિવાસી-બિનઆદિવાસી સંબંધોને જોવાની આ એક જ દિશા આદિવાસીઓમાં નથી. આજુબાજુના વિશાળ સમાજ સાથે હળીમળીને અને કદાચ એકરૂપ થઈને ચાલવાની દૃષ્ટિ પણ તેઓમાં જોવા મળે છે. તે પણ આદિવાસીઓમાં ઉદ્ભવતા સામાજિક વિભાગો સાથે જ સંકળાયેલી છે.

આદિવાસી સમાજની પુનઃરચના માટેની સરકારી કે બિન સરકારી નીતિરીતિ આ હકીકત ઉપર રચાવી જરૂરી છે.

## ૪

# નીતિવિષયક નિર્દેશો

ત્રીજા વિભાગમાં આપણે કેટલાક મુદ્દાઓને ધ્યાનમાં રાખીને નીતિ અંગેનાં સૂચનોનો નિર્દેશ કર્યો. હવે ખાસ કરીને આદિવાસી અને હરિજન બોર્ડના કાર્યક્ષેત્રને ખ્યાલમાં રાખીને એક દૃષ્ટિ રજૂ કરવાનો પ્રયાસ કરીશું.

ભારતમાં ચોક્કસ પગલાં ભરવાં અને નીતિ અપનાવવા માટેનાં સૂચનો કરવા એ સામાન્ય રીતે સમાજવિજ્ઞાનીને મૂઝવણમાં મૂકતી બાબત છે, ખાસ કરીને આઝાદી પછી. અર્થશાસ્ત્રીઓને માટે કદાચ તે થોડું ઘણું અપવાદરૂપ ગણાય.

આ ખરેખર વિચિત્ર પરિસ્થિતિ છે. સમાજશાસ્ત્રી પ્રત્યેનો આદરભાવ અને નીતિ ઘડતરમાં અને નીતિ અખત્યાર કરવામાં તે અસરકારક બની શકે એ પ્રકારની સમજ લોકો અને સરકાર બંનેમાં આજે છે તેટલી ભૂતકાળમાં કદી ન હતી. છતાં, સમાજશાસ્ત્રી પહેલાનાં કરતાં વધારે અસરકારક રહ્યો નથી.

નીતિ ઘડનારા અને અમલ કરનારાઓને ટૂંકા ગાળામાં નક્કર અને ચોક્કસ પ્રકારનાં પરિણામો હાંસલ કરવામાં જ રસ હોય અને નહિ કે લાંબા ગાળામાં જેમાં સામાન્ય રીતે એકેડેમીશિયનોને વધારે રસ હોય છે. ભારતમાં જે સામાજિક શાસ્ત્રો વિકસાવાયાં છે તે ટૂંકા ગાળા માટે બહુ જ ઓછા નિર્દેશ કરે છે. જ્યારે બીજી બાજુ અધિકારીઓ એક દરદી જેવા છે જે પોતાને મનફાવે તેમ કરવાની ઈચ્છા રાખે અને દાકતરે તેને સાજો કરવો જોઈએ એવી પણ ઈચ્છા રાખે. વહીવટીતંત્ર પણ બધે જેમ હોય છે તેમ બદલાવા માટે ઓછું તત્પર હોય છે.

સમાજવિજ્ઞાનીઓ વહીવટકર્તાઓના વિચાર અને કાર્ય પદ્ધતિથી દૂર રહેવા માગે છે અને તે તદ્દન અકારણ નથી. અમલદારો અને સમાજવિજ્ઞાનીઓના અંગત સંબંધો પહેલાના કરતાં ઘણા જ સરળ બન્યા છે. પ્રસંગોપાત ઘણી વખત આવા સંબંધો ઊભા થતા હોય છે, પરંતુ વ્યવસ્થિત અને પદ્ધતિસરના સંબંધો સ્થપાયા નથી. એવું લાગે છે કે બંને પક્ષે કંઈક કરવાની અભિલાષા અને શુભેચ્છા છે તેમ છતાં કશું થતું નથી.

ઉપર જે ચર્ચા કરી એમાં સમાજવિજ્ઞાનીની અહીં નીચેના ફકરાઓમાં સૂચિત નબળાઈને છાવરવાનો ઈરાદો નથી. તત્કાલીન સરકારના ઠરાવો અને આદેશોના સ્વરૂપમાં કામ આવે એવાં અમુક ચોક્કસ પગલાં સૂચવાયાં નથી, એવો આક્ષેપ જો થાય તો લેખકને તે કબૂલ છે. પરંતુ સામે તે પ્રશ્ન પણ પૂછશે કે તમને ચોક્કસ પીડા શું છે અને ક્યાં છે? કંઈક ઠીક નથી જરા જુઓને, એટલું જ કહેવું એ ચોક્કસ ઉપાયો સૂચવવા માટે પૂરતું નથી.

વહીવટકર્તાઓને પક્ષે અહીં એક વસ્તુ દર્શાવવી જરૂરી છે કે તે અમુક ચોક્કસ નબળાઈઓ બતાવી શકે છે. ગુજરાત રાજ્યમાં અમરેલી જિલ્લા પંચાયતે તેમના કુટુંબ નિયોજનના કાર્યની તપાસ કરવાનું કામ અમને સોંપેલું. પ્રત્યક્ષ ચર્ચાઓ પછી તે વખતના જિલ્લા વિકાસ અધિકારી શ્રી અનિલ સી. શાહે જવાબ શોધી શકાય એવા પ્રશ્નો ઉપસ્થિત કરેલા. અહેવાલ તૈયાર થયા પછી આ અહેવાલ તેમને કઈ રીતે ઉપયોગી બન્યો તે જણાવી શકયા હતા.* તેમની બદલી થઈ ગઈ તેથી પાછળથી એમનાં પગલાંની શું અસર થઈ તે જોઈ શકાયું નહિ. તેમની આ અહેવાલની સમજ અને પગલાં યોગ્ય છે કે નહિ તેની ચર્ચા અહીં અસ્થાને

---

* અહેવાલ અમરેલી જિલ્લા પંચાયતે પ્રસિદ્ધ કરેલ છે.

છે. વહીવટકર્તા અને સંશોધનકાર કઈ રીતે એકબીજા સાથે વ્યવહાર કરી શકે તેનો દાખલો પૂરો પાડવા માટે જ ઉપરની હકીકત ટાંકી છે.

આદિવાસી સ્વાયત્તરાજના અન્વીક્ષણનું કાર્ય નીતિને લગતા વિશિષ્ટ પ્રશ્નોનો ઉકેલ બતાવવાની દૃષ્ટિએ નહોતું હાથ ધરવામાં આવ્યું. ખરેખર તો આ અભ્યાસ વહીવટકર્તાઓના પ્રશ્નો ઉકેલવા માટે નહિ પણ એક સમાજવિજ્ઞાની તરીકે સમાજવિજ્ઞાનીને જ પોતાના પ્રશ્નો શું છે તે જાણવા સંશોધન કર્યું છે. અમે સમાજવિજ્ઞાનીઓ આદિવાસીઓના પ્રશ્નોને આદિવાસી વિશિષ્ટતા અને મહત્ત્વની દૃષ્ટિએ ફક્ત આદિવાસીઓના પ્રશ્નો તરીકે જ જોયા કરીએ છીએ. પરિણામે અમારી દૃષ્ટિ પડશે તેવા દેવાશેની ગણતરીવાળી થઈ ગઈ છે. અમારા સૂચિતાર્થો વધારે ઉપયોગી હોતા નથી. આવી પરિસ્થિતિમાં સમાજવિજ્ઞાની ઓછામાં ઓછું એટલું તો કરી શકે કે તે સરકાર તરફથી કે બીજા તરફથી જે કાંઈ વ્યાવહારિક પગલાં લેવાય તેન એક દૃષ્ટિ આપે.

આદિવાસીઓના પ્રશ્નોની બાબતમાં કહેવા સમય પાકી ગયો છે કે તેમનો વિકાસ સાર્વત્રિક સામાજિક વિકાસ સાથે અવિચ્છિન્ન અને નિકટવર્તી સંબંધ ધરાવે છે. જો બધા જ વિશિષ્ટ અને સાર્વત્રિક પગલાં વિકાસની આ પ્રક્રિયાને અનુરૂપ ભરવામાં ન આવે તો આપણા પ્રયાસોમાં લાભ કરતાં ગેરલાભ થવાનો વધારે સંભવ છે. આ બાબત કહેવામાં કે લખવામાં કંઈ પહેલવહેલી નથી. પરંતુ અન્વીક્ષણમાંથી જે તારવવામાં આવ્યું તેના તરફ ધ્યાન દોરવાના આશયે કહેવાઈ છે. ગુજરાત સરકારે વિશાળ સત્તા ધરાવતા આદિવાસી બોર્ડની નિમણૂંક કરી છે અને તેણે પોતાની કાર્યવાહી શરૂ કરી દીધી છે, તે ટાંકણે આ નિર્દેશ સમયસરનો છે એમ કહી શકાય.

ગુજરાતના આદિવાસીઓને બે પ્રશ્નો મૂંઝવે છેઃ (૧) શિક્ષણના પ્રશ્નો, (૨) આજીવિકા/જીવનનિર્વાહના પ્રશ્નો. આ ગુજરાત અને ભારત માટે પણ સર્વવ્યાપી પ્રશ્નો છે. આદિવાસી બોર્ડે આ બાબત આદિવાસી-અગ્રણીઓ સુધી પહોંચાડવી જોઈએ અને તેમને ગુજરાત અને ભારતની સામાન્ય કક્ષાએ નીતિ ઘડવામાં અને તેનો અમલ કરવામાં ભાગ લેવા પ્રેરવા જોઈએ. જે તે જિલ્લાઓના આદિવાસીઓના વિશિષ્ટ પ્રશ્નોને જોવામાં તેમણે આ દૃષ્ટિ કેળવવાનો પ્રયાસ કરવો જોઈએ.

આદિવાસીઓની વિશિષ્ટતાઓ અને લાક્ષણિકતાઓ તેમના ભૌગોલિક વાતાવરણ અને આસપાસના સમાજના સામાન્ય વિકાસમાં પડવામાં મોડી શરૂઆત થઈ તેમાંથી ઉદ્‌ભવે છે. આદિવાસીઓ માટે જે અમુક ઉપાયો સૂચવવામાં આવે તે આ બે બાબતો સાથે સંલગ્ન હોવા જોઈએ. આદિવાસીઓ માટેની ખાસ સવલત-સગવડોને આ સિવાય બીજી કોઈ પણ દૃષ્ટિએ જોવાશે તો તે આદિવાસીઓને સાર્વત્રિક વિકાસમાંથી વિખૂટા પાડી દેશે અને તે નથી આદિવાસીઓના હિતમાં કે નથી બીજા કોઈના હિતમાં.

બિનઆદિવાસીઓએ તેમને દબાવી દીધા છે અને ઉપર આવવા દેતા નથી એ પ્રકારની લાગણી આદિવાસીઓમાં હજી પ્રવર્તે છે એ હકીકત છે. આ પ્રકારની લાગણી ગૃહીત થવા માટેનાં કારણો આદિવાસી-બિનઆદિવાસી વચ્ચેના ભૂતકાળ અને વર્તમાનમાં પ્રવર્તતા સંબંધોમાં રહેલાં છે. અશિક્ષિત કરતાં શિક્ષિત આદિવાસીઓ આ સંબંધો વિષે વધુ જાગ્રત અને સભાન છે. આ સંબંધી તેમની લાગણી પણ અજ્ઞાન આદિવાસી કરતાં વધારે તીવ્ર છે. આદિવાસી અને હરિજન બોર્ડ આ આદિવાસી-બિનઆદિવાસીની લાગણી પર ભાર દઈ કદાચ શુભ ભાવનાથી પણ ખોટો રસ્તો અપનાવે એવું બનવાની સંભાવના છે.

જ્યાં સુધી આદિવાસીઓ અને હરિજનોને લાગે વળગે છે ત્યાં સુધી બોર્ડ 'અન્યાય અને તમામ પ્રકારનાં શોષણોથી સંરક્ષણ પૂરું પાડશે.' એ બોર્ડનું એક કામ છે. બોર્ડ કદાચ બધા જ અન્યાય અને શોષણના જ કિસ્સાઓ ભેગા કરે. જો કે એ કરવું જ જોઈએ. પરંતુ જો તેમની પૂરેપૂરી ચકાસણી કર્યા વિના અને યોગ્ય નિદાન વગર જ ઉપાય સૂચવાશે તો એ ઉપાય કદાચ ખોટા ઠરશે.

તેથી સૌ પ્રથમ એની ચકાસણી કરવી જોઈએ કે જે તે બનાવ હરિજન કે આદિવાસી પ્રત્યેના અન્યાય અને શોષણનો કિસ્સો છે કે કેમ? અન્યાય અને શોષણના એવા પણ કિસ્સા બને કે જેમાં આદિવાસીનું બીજા આદિવાસી દ્વારા, હરિજનનું અન્ય હરિજન દ્વારા અથવા આદિવાસી અને હરિજન વચ્ચે

શોષણ અને અન્યાય કરવામાં આવ્યા હોય. હવે, જો તેમાં સંકળાયેલ કોઈ એક પક્ષકાર બિન-આદિવાસી કે બિનહરિજન ન હોય તો, આવા જ બનાવો આદિવાસી અને હરિજનોના શોષણ અને અન્યાયનાં ઉદાહરણો થઈ જાય, તેથી આવા પ્રસંગે આદિવાસી અને હરિજનોને તેઓ આદિવાસી કે હરિજન છે માટે અન્યાય થયો છે કે શોષણ થયું છે એમ જાહેર કરતાં પહેલા ઝીણવટભરી સૂક્ષ્મ તપાસ કરવી જરૂરી છે.

અહીં હરિજનો કે આદિવાસીઓને થતા અન્યાય અને શોષણનો ઈન્કાર કરવાનો આશય નથી. ઉદ્દેશ માત્ર અન્યાય અને શોષણના પ્રણાલિગત સ્વરૂપો અને આધુનિક સ્વરૂપો વચ્ચે તફાવત પાડવાની જરૂર છે તેનો જ ઉલ્લેખ કરવાનો છે. રૂઢિગત સ્વરૂપો ભૂતકાળના સમાજમાંથી છેક આધુનિક સમાજ સુધી ચાલ્યા આવે છે. હરિજનો વિષે આ અમુક અંશે સાચું છે. પરંતુ તે સ્વરૂપ સંકોચાતું જાય છે. તેને જો સામાજિક અને વ્યાવસાયિક તફાવતોના સંદર્ભમાં જોવામાં આવે તો અન્યાય અને શોષણ બંનેના પ્રશ્નોનું સ્વરૂપ, કદ અને મહત્ત્વ સારી રીતે સમજી શકાય અને પ્રશ્નો કદાચ સરળ પણ વધુ જણાશે. અહીં હરિજનો આપણા વિષયની બહાર છે તેથી તેની ચર્ચામાં ન પડીએ.

જ્યાં સુધી આદિવાસીઓને સંબંધ છે ત્યાં સુધી તપાસ દરમિયાન પ્રાપ્ત થયેલાં તથ્યો દર્શાવે છે કે બદલાતા આદિવાસી સમાજમાં અન્યાય અને શોષણનાં જૂનાં સ્વરૂપોની સાર્થકતા ઘટતી જાય છે. તેથી ઊલટું એવા પણ નિર્દેશો જોવા મળે છે કે આદિવાસી સમાજમાં આવી રહેલા સામાજિક ભેદભાવ આધુનિક સ્વરૂપના શોષણના પ્રશ્નો ઊભા કરે છે. બીજા શબ્દોમાં કહીએ તો આદિવાસી સમાજનું બાકીના સમાજ સાથે એકીકરણ થઈ રહ્યું છે. આ એકીકરણની પ્રક્રિયાને લીધે જૂના પ્રશ્નો નવા સ્વરૂપમાં અને નવા પ્રશ્નો પણ નવા નવા સ્વરૂપમાં ઉદ્ભવવા લાગ્યા છે. જો આદિવાસી નેતાઓ આ ઘટના નિહાળવાનું અગવણશે તો આદિવાસીઓને ઉલમાંથી ચૂલમાં નાંખશે. જ્યાં થતું હોય ત્યાં અને જેને થતું હતું તેને પણ 'શોષણ અને અન્યાય' સામે જો તેઓ અવાજ નહિ ઉઠાવે અને ફકત આદિવાસી અને હરિજનને પકડીને બેસી રહેશે તો તેઓ જાણે-અજાણે આદિવાસીઓનું આદિવાસીઓ થકી થતા શોષણ અને અન્યાયને ટેકો આપે છે એમ ગણાશે. આમ આદિવાસીઓના પ્રશ્નોને બાકીના સમાજની સાથે સાથે પરિવર્તન પામી રહેલા આદિવાસી સમાજના વિસ્તૃત અર્થમાં જોવાની જરૂર છે.

તપાસ દરમિયાન જાણવા મળ્યું છે કે આદિવાસી અગ્રણીઓમાં પણ કેટલાંક એવાં જૂથો અસ્તિત્વ ધરાવે છે જેઓ જોઈ શકે છે કે ભૂતકાળમાં થયેલ અન્યાય અને શોષણનાં અત્યારે રોદણાં રોયા કરવા નિરર્થક છે. તેઓ માને છે કે, દીર્ઘ દૃષ્ટિ જરૂરી છે અને તેઓ એમ પણ સ્વીકારે છે કે કેટલાક સ્તરોમાં અને વર્ગોમાં આદિવાસી અને બિનઆદિવાસી સંબંધો અસમાનતા કરતાં સમાનતાને ધોરણે વધુ અનુકૂલિત થઈ ગયા છે. તેથી જ્યારે બોર્ડ અન્યાય અને શોષણનાં રૂઢિગત સ્વરૂપોનો વિચાર કરતું હોય ત્યારે આ વિધેયાત્મક વિકાસને પણ ધ્યાનમાં રાખે એ જરૂરી છે. આ દૃષ્ટિ રચનાત્મક છે.

અન્યાય અને શોષણને વાચા આપવાથી આદિવાસીઓમાં બોર્ડની કામગીરી વધારે જાણીતી થશે એ મોટું પ્રલોભન છે. પરંતુ બોર્ડ જો આદિવાસી સમાજના વિકાસનાં વિધાયક તત્ત્વો તરફ નજર રાખશે નહિં તો તે પોતાની એક અગત્યની ફરજમાં નિષ્ફળ ગયેલું ગણાશે. એક જ દાખલો લો. અમદાવાદમાં આદિવાસી સ્ત્રીઓ જે જે પ્રકારનું અનાજ મળે તે ઉઘરાવી તેમાંથી મણબંધી ખોરાક તાજેતરમાં ગુજરાતમાં આવેલ પૂરસંકટ દરમિયાન રાહતકેન્દ્રમાં મોકલતી હતી. એમ પણ જાણવા મળ્યું છે કે આદિવાસી બોર્ડના પ્રમુખે તેમની મુલાકાત લીધી હતી. આ સ્ત્રીઓની આ પ્રવૃત્તિનું મહત્ત્વ અને અગત્ય સમજવાની જરૂર છે. તેઓ બીજી સ્ત્રીઓ જે કરે છે તેનાથી કંઈ જુદું તો નહોતાં કરતાં. તેમની પ્રવૃત્તિને ખાસ નોંધ તરીકે લેવાને પણ કંઈ કારણ નથી. પરંતુ આદિવાસી સમાજના આંતરિક વિકાસના સંદર્ભમાં આ સ્ત્રીઓએ સમાન માનવીય આપત્તિ માટે હમદર્દી બતાવી આદિવાસી નારીત્વનું નવું ખમીર પ્રગટ કર્યું છે. એ દર્શાવે છે કે વિશાળ માનવજાતમાંના તેઓ એક છે એ પ્રકારની તેમનામાં લાગણી છે. વિશાળ સમાજ સાથે ભળવાની તેમની ઉત્કંઠા તરીકે તેમની આ પ્રવૃત્તિને જોવી જોઈએ. આ કંઈ એકમાત્ર ઉદાહરણ નથી. સુરત

જિલ્લા પંચાયત પુરસ્કૃત અને આ લેખક* સંચાલિત સુરત જિલ્લાના પ્રાથમિક શાળાના શિક્ષકોની તપાસમાં એવું જાણવા મળ્યું કે આદિવાસી શિક્ષિકાઓ આદિવાસી અને બિનઆદિવાસી પુરુષ શિક્ષકો કરતાં ઓછો પૂર્વગ્રહ ધરાવે છે. અને તેઓ વધારે ખુલ્લા દીલની છે. દીર્ઘ દૃષ્ટિનું વલણ જેમ બીજાઓમાં જોવા મળે છે તેમ એમનામાં પણ હોવાનો આ પુરાવો છે. આદિવાસી બોર્ડ જો આ વિધાયક રચનાત્મક તત્ત્વને અવગણશે તો આદિવાસીઓને નુકસાન થશે.

આ અને બીજી ઘણા પ્રકારની પ્રગતિ જે આગળના વિભાગોમાં દર્શાવી છે તેનું વહીવટમાં અને બાહ્યક્ષેત્રે બિનઆદિવાસી ભદ્રવર્ગ-હિતો (elitist-interest)નું ભાન કરાવવાની જરૂર છે. વધારે નહિ તો માંડ આદિવાસીઓ જેટલું પણ પરિવર્તન ગ્રહણ કરવાની તેમને જરૂર છે. જે જૂથો અત્યાર સુધી બહોળા સમાજમાં નહોતા ભળ્યા તેમની અભિલાષાને લોકોએ સ્વીકારવી જોઈએ. આ પરિવર્તનની દિશાનું ભાન બુદ્ધિશાળી માણસોને પણ થવું જોઈએ. આ દિશામાં પણ બોર્ડે કામ કરવું જરૂરી છે.

આદિવાસી કે હરિજનો પ્રત્યે લાગણીવશ થઈ જવાની જરૂર નથી. ખરું જોતાં તમામ લાગણીવેડા દૂર કરવાની જરૂર છે. આગળ ઉપર જે આયાસ કરવામાં આવ્યો છે તેમાં હેતુલક્ષી દૃષ્ટિએ એ બતાવવાનો આશય છે કે સામાજિક સંશોધન પ્રશ્નના વ્યાવહારિક સ્વરૂપ તરફ કેવી રીતે ધ્યાન ખેંચી શકે છે. આ પ્રત્યનને જુદી જુદી દૃષ્ટિએ જુદી જુદી રીતે મૂલવી શકાય. પણ કહેવાય છે તેમ ધરતીનો છેડો ઘર. તેથી, અંતમાં પોતાના જ કુળના માણસો / સમાજવિજ્ઞાનીઓ સમક્ષ પોતાનો કેસ રજૂ કરવાનું એક સમાજશાસ્ત્રી માટે યોગ્ય ગણાય. આ પુસ્તિકામાં જે કંઈ કહ્યું છે તે કંઈ નવું નથી. આપણે જે રીતે બહોળા સમાજના વિકાસનો અભ્યાસ કરીએ છીએ તે જ પ્રમાણે આદિવાસી સમાજમાં થયેલ આંતરિક વિકાસનો પણ અભ્યાસ કરવાની જરૂર છે. પછી આ અભ્યાસોને એક સાથે જોવા જોઈએ. આદિવાસી સમાજ કે જિલ્લાનો વિકાસ ગુજરાત રાજ્ય અને ભારતના સમગ્ર વિકાસથી જુદો પાડી શકાય નહિ. આ રીતે આ પ્રશ્નોનો અભ્યાસ કરવો અને વ્યવહાર કે નીતિ વિષે તેના સંશોધનોનું બયાન કરવું એ ભારતના કે ગુજરાતના વિજ્ઞાનીઓના કૌશલ્ય અને તાકાત બહારની વાત નથી.

* ય.દે. જોડેજા, 'સુરત જિલ્લાના પ્રાથમિક શાળાના શિક્ષકો' સપ્ટેમ્બર ૧૯૭૦ રિપોર્ટ અપ્રગટ છે. સુરત જિલ્લામાં પ્રાથમિક શાળાના શિક્ષકોમાં ૪૫ ટકા આદિવાસી શિક્ષકો છે.